પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૭૨ • કુલ પાના : ૪ • તારીખ : ૧૬-૧૧-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના અને યુક્રેન યુદ્ધે વિશ્વમાં તબાહી મચાવી : વડાપ્રધાન મોદી

## યુએન જેવી સંસ્થાઓ આ મુદ્દાઓ પર નિષ્ફળ રહી છે. એટલા માટે આપણે બધાએ સાથે મળીને યુક્રેનમાં યુદ્ધ રોકવાનો માર્ગ શોધવાનો છે

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી-૨૦ સમિટ દરમિયાન ફૂડ એનર્જી સિક્યુરિટી સેશનમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે કહ્યું કે કોરોના અને યુક્રેન યુદ્ધને કારણે વિશ્વની સપ્લાય ચેન પ્રભાવિત થઈ છે. જેના કારણે વિશ્વમાં વિનાશ ફેલાયો છે. તેમણે કહ્યું કે યુએન જેવી સંસ્થાઓ આ મુદ્દાઓ પર નિષ્ફળ રહી છે. એટલા માટે આપણે બધાએ સાથે મળીને યુક્રેનમાં યુદ્ધ રોકવાનો માર્ગ શોધવાનો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, વૈશ્વિક વિકાસ માટે ભારતની ઊર્જા સુરક્ષા મહત્વપૂર્ણ છે. કારણ કે, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. "આપણે ઊર્જાના પુરવઠા પર કોઈ પ્રતિબંધને પ્રોત્સાહન ન આપવું જોઈએ અને ઊર્જા બજારમાં સ્થિરતા સુનિશ્ચિત કરવી જોઈએ," તેમણે કહ્યું. ૨૦૩૦ સુધીમાં આપણી અડધી વીજળી રિન્યુએબલ સ્રોતોમાંથી પેદા થશે, એમ તેમણે જણાવ્યું હતું. વધુમાં, ભારતમાં ટકાઉ ખાદ્ય સુરક્ષા માટે, અમે કુદરતી ખેતીને પ્રોત્સાહન આપી રહ્યા છીએ અને બાજરી જેવા પૌષ્ટિક અને પરંપરાગત ખાદ્ય પદાર્થોને ફરીથી વસાવી રહ્યા છીએ. બાજરી વૈશ્વિક કુપોષણ અને ભૂખને પણ સંબોધિત કરી શકે છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજની ખાતરની અછત આવતીકાલની ખાદ્ય સંકટ છે, જેના માટે વિશ્વ પાસે કોઈ ઉકેલ નથી. ખાતર અને અનાજ બંનેની સપ્લાય ચેઈન સ્થિર અને ખાતરીપૂર્વક રાખવા




માટે આપણે પરસ્પર સમજૂતી કરવી જોઈએ. પીએમે કહ્યું, મેં હંમેશા કહ્યું છે કે આપણે યુક્રેનમાં યુદ્ધવિરામનો રસ્તો શોધવો પડશે અને કૂટનીતિના માર્ગ પર પાછા ફરવું પડશે. છેલ્લી સદીમાં, બીજા વિશ્વયુદ્ધે વિશ્વમાં તબાહી મચાવી દીધી હતી, ત્યારબાદ તે સમયના નેતાઓએ શાંતિનો માર્ગ અપનાવવાનો ગંભીર પ્રયાસ કર્યો હતો. હવે આપણો વારો છે.પીએમ નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયાના બાલીમાં જી-૨૦ સમિટ દરમિયાન કહ્યું કે દુનિયાની સમસ્યાઓને પહોંચી વળવામાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ નિષ્ફળ રહ્યું છે. આપણે તેમાં પૂરતો સુધારો કરી શક્યા નથી. નામ લીધા વગર પ્રધાનમંત્રીએ અમેરિકા અને યુરોપના દેશોને શિખામણ આપતા કહ્યું કે આપણે એનર્જીના સપ્લાય પર કોઈ પણ પ્રકારના પ્રતિબંધોને પ્રોત્સાહન આપવું જોઈએ નહીં. રશિયા યુક્રેન બાદ અમેરિકા અને યુરોપના દેશ અનેક પ્રકારના પ્રતિબંધ લગાવી રહ્યા છે. તેનો ઉલ્લેખ પણ પીએમ મોદીએ કર્યો છે. તેમણે કહ્યું કે દુનિયાને જી-૨૦ પાસેથી ખુબ આશાઓ છે.

પીએમ મોદીએ કહ્યું કે ક્લાઈમેટ ચેન્જ, કોવિડ મહામારી, યુક્રેનનો ઘટનાક્રમ અને તેની સાથે જોડાયેલી વૈશ્વિક સમસ્યાઓએ મળીને દુનિયામાં તબાહી મચાવી દીધી છે. ગ્લોબલ સપ્લાય ચેન્સ વેર વિખેર થઈ ગઈ છે. સમગ્ર દુનિયામાં જિંદગી માટે જરૂરી ચીજોના સપ્લાયનું સંકટ બનેલું છે. દરેક દેશના ગરીબ નાગરિકો માટે પડકાર વધુ ગંભીર છે. તેઓ પહેલેથી જીવનમાં ઝઝૂમી રહ્યા હતા. તેમની પાસે બેવડા માર સામે ઝૂઝવાની આર્થિક ક્ષમતા નથી.

પીએમ મોદીએ કહ્યું કે આપણે એ વાતને સ્વીકારવામાં જરાય સંકોચ કરવો જોઈએ નહીં કે સંયુક્ત રાષ્ટ્ર જેવી મલ્ટીલેટરલ સંસ્થાઓ આ મુદ્દાઓ પર નિષ્ફળ રહી છે અને આપણે બધા તેમાં જરૂરી સુધારો કરવામાં પણ નિષ્ફળ રહ્યા છીએ. આથી આજે જી-૨૦ પાસે વિશ્વને વધુ અપેક્ષાઓ છે, આપણા સમૂહની પ્રાસંગિકતા વધી છે. પીએમએ કહ્યું કે આપણે યુક્રેનમાં સંઘર્ષ વિરામ અને ડિપ્લોમેસીના રસ્તે પાછા ફરવાનો રસ્તો શોધવો પડશે. ગત શતાબ્દીમાં બીજા વિશ્વ યુદ્ધે વિશ્વમાં કેર વર્તાવ્યો હતો. ત્યારબાદ તે સમયના નેતાઓએ શાંતિનો રસ્તો પકડવાનો ગંભીર પ્રયત્ન કર્યો. હવે અમારો વારો છે. પોસ્ટ-કોવિડ કાળ માટે એક નવા વર્લ્ડ ઓર્ડરની રચના કરવાની જવાબદારી આપણા ખભે છે.

તેમણે કહ્યું કે સમયની માંગણી છે કે આપણે વિશ્વમાં શાંતિ, સદભાવ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઠોસ અને સામૂહિક સંકલ્પ દેખાડીએ. મને વિશ્વાસ છે કે આગામી વર્ષ જ્યારે જી૨૦ બુદ્ધ અને ગાંધીની પવિત્ર ભૂમિ પર મળશે ત્યારે આપણે બધા સહમત થઈને, વિશ્વને એક મજબૂત શાંતિ સંદેશ આપીશું. જી૨૦ના મંચથી પીએમ મોદીએ કહ્યું કે મહામારી દરમિયાન ભારતે પોતાના ૧.૩ બિલિયન નાગરિકોની ફૂડ સિક્યુરિટી સુનિશ્ચિત કરી. આ સાથે જ અનેક જરૂરિયાતવાળા દેશોને પણ ખાણી પીણીનો સામાન સપ્લાય કર્યો. ફૂડ સિક્યુરિટીના સંદર્ભમાં ફર્ટિલાઈઝર્સની વર્તમાન અછત પણ એક મોટું સંકટ છે. આજે ફર્ટિલાઈઝર્સની અછત કાલની ફૂડ ક્રાઈસિસ છે. જેનું સમાધાન વિશ્વ પાસે નહીં હોય.


તેમણે કહ્યું કે આપણે ખાતર અને ખાદ્યાન્ન બંનેની સપ્લાય ચેન્સને સ્થિર અને આશ્વાસ્ત રાખવા માટે પરસ્પર સહમતિ બનાવવી જોઈએ. ભારતમાં સતત ફૂડ સિક્યુરિટી માટે આપણે નેચરલ ફાર્મિંગને પ્રોત્સાહન આપી રહ્યા છીએ અને મિલેટ્સ જેવા પૌષ્ટિક અને પરંપરાગત આહારને ફરીથી લોકપ્રિય બનાવી રહ્યા છીએ. મિલેટ્સથી વૈશ્વિક માલન્યૂટ્રિશિયન અને ભૂખમરાનું પણ સમાધાન થઈ શકે છે.

## મોરબી અકસ્માતમાં હાઈકોર્ટે ગુજરાત સરકારને ફટકાર લગાવી

અમદાવાદ,

ગુજરાતમાં મોરબી બ્રિજ દુર્ઘટના મામલે હાઈકોર્ટે રાજ્ય સરકારને આકરી ઝાટકણી કાઢી છે. કોર્ટે પુલના સમારકામ માટે કોન્ટ્રાક્ટ આપવાની પદ્ધતિ પર પણ સવાલ ઉઠાવ્યા છે. કોર્ટે મુખ્ય સચિવને બોલાવીને પૂછ્યું કે આટલા મહત્વપૂર્ણ કામ માટે શા માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા નથી. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ અરવિંદ કુમારની ખંડપીઠે એ પણ પૂછ્યું કે આ મહત્વપૂર્ણ કામ માટેનો કરાર માત્ર દોઢ પેજમાં કેવી રીતે પૂર્ણ થયો?

જણાવી દઈએ કે, મોરબી બ્રિજ દુર્ઘટનામાં ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. આ પછી હાઈકોર્ટે આ મામલાની નોંધ લીધી હતી અને છ વિભાગો પાસેથી જવાબ મંગાવ્યો હતો.



મોરબી બ્રિજ તૂટી પડવાની ઘટનાની તપાસ માટે ન્યાયિક કમિશનની રચનાની માંગ કરતી પીઆઈએલની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ સોમવારે સંમત થઈ હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ જેબી પારડીવાલાની ખંડપીઠે પીઆઈએલ દાખલ કરનાર એડવોકેટ વિશાલ તિવારીની રજૂઆતની નોંધ લીધી હતી કે આ મામલે તાત્કાલિક સુનાવણીની જરૂર છે. અમને પેપર્સ મોડા મળ્યા, બેંચે પૂછ્યું. અમે તેને સૂચિબદ્ધ કરીશું. તાકીદ શું છે? વકીલે કહ્યું કે, આ મામલામાં તાકીદ છે કારણ કે દેશમાં ઘણા જૂના માળખાં છે, આ બાબતની પ્રાથમિકતાના આધારે સુનાવણી કરવામાં આવે.

ગુજરાતના મોરબીમાં મચ્છુ નદી પરનો બ્રિટિશ જમાનાનો પુલ ધરાશાયી થતાં મૃત્યુઆંક વધીને ૧૩૫ થયો છે. તિવારીએ અરજીમાં કહ્યું કે આ અકસ્માત સરકારી અધિકારીઓની બેદરકારી અને ઘોર નિષ્ફળતા દર્શાવે છે. પીઆઈએલમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા એક દાયકામાં આપણા દેશમાં ઘણી એવી ઘટનાઓ બની છે જેમાં ગેરવહીવટ, ફરજમાં ચુકતા અને જાળવણીની બેદરકારીને કારણે મોટી સંખ્યામાં જાનહાનિના કિસ્સા બન્યા છે જેને ટાળી શકાયા હોત. રાજ્યની રાજધાની ગાંધીનગરથી લગભગ ૩૦૦ કિમી દૂર સ્થિત એક સદીથી વધુ જૂનો પુલ દુર્ઘટનાના પાંચ દિવસ પહેલા વ્યાપક સમારકામ અને નવીનીકરણ પછી ફરીથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. તે ૩૦ ઓક્ટોબરે સાંજે ૬.૩૦ કલાકે તૂટી પડ્યો હતો.

## ફુગાવામાં રાહત છતાં અનાજ, દુધ, મસાલા મોંઘા

નવીદિલ્હી,

ભારતીયોને મોંઘવારી મોરચે આંશિક રાહત મળી હોય તેમ હોલસેલ તથા રીટેઈલ ફુગાવાના દરમાં થોડો ઘટાડો થયો છે. શાકભાજીથી માંડીને કઠોળ-ખાદ્યતેલોના ભાવ નીચા આવ્યા છે. પરંતુ અનાજ-દુધ જેવી અન્ય આવશ્યક ચીજોના ભાવમાં તેજીનો સિલસિલો યથાવત રહી છે. ભારતમાં રીટેઈલ ફુગાવો વધવા છતાં સતત ૧૦મા મહિને છ ટકાથી નીચેના રિઝર્વ બેંકના ટારગેટથી ઉંચો જ રહ્યો હતો.

કેન્દ્ર સરકારના સ્ટેટીસ્ટીકલ વિભાગના રિપોર્ટ પ્રમાણે એપ્રિલથી ઓકટોબર દરમ્યાન પાંચ મહિના ફુગાવો સતત સાત ટકાથી ઉંચો રહ્યો હતો. માત્ર જુલાઈ અને ઓકટોબરમાં જ સાત ટકાથી નીચે આવ્યો છે. ક્રુડતેલ, લોખંડ, સ્ટીલ જેવી ચીજોની કિંમતોમાં



વૈશ્વિક સ્તરે ઘટાડો થયો છે. ઘરઆંગણે ઘઉં-ચોખાની સપ્લાયને અસર ન થાય અને ભાવો કાબુમાં રહે તે માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા છે અને તેના પરિણામો આવતા મહિનાઓમાં જોવા મળશે.

રિપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે ગ્રામીણ ફુગાવો ૬.૯૮ ટકા રહ્યો હતો જયારે શહેરી મોંઘવારીનો દર ૬.૫૦ ટકા છે એટલે શહેરો કરતા ગામડાઓમાં મોંઘવારી વધુ છે. ઓકટોબર મહિનામાં જે ચીજોના ભાવ ઘટયા છે તેમાં શાકભાજી મુખ્ય છે. સપ્ટેમ્બરમાં શાકભાજીનો ફુગાવો ૧૮.૦૫ ટકા હતો તે ઓકટોબરમાં ઘટીને ૭.૭૩ ટકા થઈ ગયો છે. દાળનો ફુગાવો ૩.૦૫ થી ઘટીને ૨.૭૮, ખાદ્યતેલનો ૦.૩૭ ટકાથી ઘટીને માઈનસ ૨.૧૫, ફુટનો ૫.૬૮ થી ઘટીને ૫.૨૦, તમાકુનો ૧.૯૮ થી ઘટીને ૧.૮૭, વિજળી-ઉર્જાનો આંક ૧૦.૩૯ થી ઘટીને ૯.૯૩ રહ્યો છે.

બીજી તરફ અનાજ, દૂધ, મસાલા મોંઘા થયા હતા. અનાજનો ફુગાવો ૧૧.૫૩ થી વધીને ૧૨.૦૮, દૂધનો ૭.૧૩ થી વધીને ૭.૬૯ તથા મસાલાનો ૧૬.૮૮ થી વધીને ૧૮.૩ ટકા થયો છે. રાજયવાર નજર કરવામાં આવે તો દિલ્હીમાં ફુગાવાદર ૨.૯૯ ટકાએ સૌથી નીચો છે. હિમાચલમાં ૪.૪૨ ટકા, પંજાબમાં ૪.૫૨ ટકા, છતીસગઢમાં ૫.૧૯ ટકા તથા કર્ણાટકમાં ૫.૫૯ ટકા છે. આંધ્રપ્રદેશમાં સૌથી વધુ ૭.૯૩ ટકા, હરિયાણામાં ૭.૭૯ ટકા તથા પશ્ચિમ બંગાળમાં ૭.૭૧ અને મધ્યપ્રદેશમાં ૭.૪૯ ટકા રહ્યો હતો.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતમાં ચુંટણી પ્રચાર ૧૯ નવેમ્બરથી શરૂ થશે

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા ચૂંટણીની મતદાન પ્રક્રિયાને હવે ગણતરીના જ દિવસો બાકી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો જંગ જીતવા તમામ રાજકીય પક્ષો મેદાનમાં ઉતરી ગયા છે. ત્યારે ભાજપે ચૂંટણી જીતવા માટે માસ્ટર પ્લાન બનાવ્યો છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ૪૦ સ્ટાર પ્રચારકોના નામ જાહેર કર્યા છે. જો કે આ તમામમાં ભાજપના ચૂંટણી પ્રચારનું નેતૃત્વ વડાપ્રધાન મોદી કરવાના છે. વડાપ્રધાન મોદી ૧૯ નવેમ્બરે ગુજરાતના વલસાડની મુલાકાત લેવાના છે. તેઓ તેમના પ્રવાસ દરમિયાન સભાઓ ગજવવાના છે.

ગુજરાતમાં ભાજપના પ્રચાર માટે વડાપ્રધાન મોદીએ પુરતો સમય




આપવાનો નિર્ણય લીધો છે. વડાપ્રધાન ગુજરાતમાં ૨૫ રેલી કરીને પ્રચાર કરવાના છે, તેમની રેલીઓ માટેના આયોજન થઈ ગયા છે. કાર્યક્રમ માટેની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતમાં પ્રચારની કમાન સંભાળશે. તેઓ ફરી એકવાર ૧૯મી નવેમ્બરથી ગુજરાતના પ્રવાસે આવવાના છે અને ધૂંઆધાર પ્રચાર કરવાના છે.

પીએમ મોદી દક્ષિણ ગુજરાતમાં વલસાડ અને વાપીમાં સભાને સંબોધશે. મળતી માહિતી અનુસાર વાપીમાં પીએમ મોદી ભવ્ય રોડ-શો યોજશે. એટલું જ નહિં વાપીમાં વિશાળ રોડ-શો યોજ્યા બાદ વલસાડમાં ભવ્ય સભામાં પણ સંબોધન કરશે. પીએમ મોદીના આ પ્રવાસને લઈ કાર્યકરોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. બીજી તરફ ૨૦ નવેમ્બરે વડાપ્રધાન સૌરાષ્ટ્રની મુલાકાત લેવાના છે. સૌરાષ્ટ્રમાં તેઓ વેરાવળ, ધોરાજી, અમરેલી અને બોટાદની મુલાકાત લેશે. વડાપ્રધાન મોદી આ ચારેય સ્થળ પર જનસભા સંબોધવાના છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરીથી ગુજરાત મુલાકાતે આવવાના છે. અગાઉ ચૂંટણી પ્રચાર માટે વડાપ્રધાન મોદી વલસાડના નાનપોંઢા આવ્યા હતા. જ્યાં તેમણે સભા સંબોધન દરમિયાન જણાવ્યુ હતુ કે ગુજરાત ભાજપને મારી પાસે પ્રચારનો જેટલો સમય માગવો હોય તેટલો મારો આપવો પડે. હું ગુજરાતમાં પ્રચાર માટે ભાજપ જેટલો સમય માગશે તેટલો આપીશ. પોતે આપેલા વચન પ્રમાણે જ વડાપ્રધાન મોદી આગામી દિવસોમાં ગુજરાતમાં એક પછી એક પ્રચાર રેલીઓ કરવાના છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભાજપે ચૂંટણી જીતવા માટે માસ્ટર પ્લાન બનાવ્યો છે. વડાપ્રધાન મોદી મતદાન પહેલા ૧૫૦ બેઠક પર સત્તા માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે. તેઓ લગભગ ૨૫ રેલી કરીને ૧૫૦ બેઠક કવર કરશે.

## જ્ઞાનવાપી 'શિવલિંગ' પૂજાની અરજી પર ચુકાદો મુલતવી



વારાણસી,

વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ સંકુલમાં મળી આવેલા 'શિવલિંગ'ની પૂજા કરવાની પરવાનગી માગતી અરજી પર ફાસ્ટ-ટ્રૅક કોર્ટે ગઈ કાલે પોતાનો ચુકાદો ૧૭ નવેમ્બર પર મુલતવી રાખ્યો હોવાનું અસિસ્ટન્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નમેન્ટ કાઉન્સેલ સુલભ પ્રકાશે જણાવ્યું હતું.

બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ૨૭ ઑક્ટોબરના દાવા પરનો પોતાનો આદેશ ૮ નવેમ્બર પર મુલતવી રાખ્યો હતો, પરંતુ ૮ નવેમ્બરે જજ રજા પર હોવાથી અરજી પરની સુનાવણી ગઈ કાલે થઈ હતી.

વિશ્વ વૈદિક સનાતન સંઘના જનરલ સેક્રેટરી કિરણ સિંહે ૨૪ મેએ જ્ઞાનવાપી સંકુલમાં મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકી એને સનાતન સંઘને સોંપી શિવલિંગની પૂજા કરવાની મંજૂરી આપવા વારાણસી જિલ્લા કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. આ કેસમાં વારાણસીના જિલ્લા મૅજિસ્ટ્રેટ, પોલીસ કમિશનર, જ્ઞાનવાપી મસ્જિદની બાબતોનું સંચાલન કરતી અંજુમન ઈન્તેઝામિયા કમિટી તેમ જ વિશ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટને પ્રતિવાદી બનાવવામાં આવ્યાં હતાં.

## ચીન સામે ભારતીય સૈન્ય સતર્ક, પૂર્વ લદાખમાં ૫૦ હજાર જવાન તહેનાત

નવીદિલ્હી,

આ વખતે શિયાળામાં પૂર્વ લદાખમાં ચીનની કરતૂતો પર નજર રાખવા માટે ભારતીય સૈન્ય સતર્ક છે. પૂર્વ લદાખની લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ નજીક ડેમચોક અને દેપસાંગમાં ૫૦ હજાર સૈનિકો તહેનાત કરાયા છે, જેમના માટે ઠંડીના કઠિન વાતાવરણમાં શસ્ત્રો અને કરિયાણા સહિતનો પુરવઠો પહોંચાડવા ખાસ વ્યવસ્થા કરાઈ છે.

એલએસી પર તહેનાત દરેક સૈનિકના યુનિફોર્મ માટે રૂ. એક લાખનું બજેટ પણ રખાયું છે.ગલવાનમાં મે ૨૦૨૦માં ચીનના હુમલા પછી આ ત્રીજું વર્ષ છે, જ્યારે લદાખમાં ભારતીય સૈન્ય શિયાળામાં ચીનના મનસૂબા નિષ્ફળ બનાવવા કમર કસી છે. ગલવાન ઘટના પછી ભારત-ચીન વચ્ચે ૧૬ બેઠક યોજાઈ ચૂકી છે. આમ છતાં, ચીન પોતાના સૈનિકોને ગલવાન પહેલાની સ્થિતિમાં નથી લાવી રહ્યું.

સૈન્ય વડા જનરલ મનોજ પાંડેએ હાલમાં જ કહ્યું હતું કે, ચીને



એલએસી પર સૈનિકો ઘટાડ્યા નથી. તે સંકેત આપે છે કે, ચીન શિયાળામાં હજુ સૈનિકોની સંખ્યા વધારી શકે છે. જોકે, એલએસી પર સ્થિતિ હજુ યોગ્ય છે, પરંતુ ભવિષ્યમાં શું થશે તે કહેવું અઘરું છે.

૧૨ હજાર ફૂટની ઊંચાઈવાળા પૂર્વ લદાખમાં તહેનાત ભારતીય જવાનો માટે સ્પેશિયલ થ્રી લેયર વરદી તૈયાર કરાવાઈ છે. આઉટપોસ્ટ પર ઠંડીથી બચવા માટે ખાસ થર્મો ટેન્ટ પણ લગાવાયા છે. તેમને ખાસ ડાયટ પણ અપાઈ રહ્યું છે. પેંગોંગ સરોવરથી હોટ સ્પ્રિંગ સુધીના વિસ્તાર સુધી બીઆરઓએ ૨૦ કિ.મી. રસ્તો બનાવ્યો છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

બારીઆ ગુલાબભાઈ સોમાભાઈ

તરફથી અભીનંદન....

મુ. રામા, તા. દે.બારીઆ, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

કોળી સવિતાબેન માવસીંગભાઈ

તરફથી અભીનંદન....

મુ. કાળીડુંગરી, તા. દે.બારીઆ, જી. દાહોદ

## યુએએ એર ઈન્ડિયા પર કડક કાર્યવાહી કરી : ફ્લાઈટમાં વિલંબ થતાં ૧.૪ મિલિયનનો દંડ ફટકાર્યો

નવીદિલ્હી,

ટાટાની આગેવાની હેઠળની એર ઈન્ડિયાને અમેરિકાએ મોટો ઝટકો આપ્યો છે. અમેરિકાએ પેસેન્જરને ૧૨૧.૫ મિલિયન ડોલરનું રિફંડ આપવાની સાથે ૧.૪ મિલિયન ડોલરનો દંડ પણ લગાવ્યો છે. આ રિફંડ અને દંડ કોરોના મહામારી દરમિયાન ફ્લાઈટમાં વિલંબ, શેડ્યૂલમાં ફેરફાર અને ફ્લાઈટ કેન્સલેશનને કારણે લાદવામાં આવ્યા છે

અધિકારીએ કહ્યું હતું કે ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશનના નિયમો મુજબ, એરલાઈન્સ દ્વારા ફ્લાઈટ કેન્સલ અથવા ચેન્જ થાય તો




પેસેન્જર કાયદેસર રીતે રિફંડ મેળવવાનો હકદાર છે. જોકે આ કેસમાં એ સમયે ટાટાએ એર ઈન્ડિયાને હસ્તગત કરી ન હતી અને એર ઈન્ડિયા આ દંડ ચૂકવવા માટે સંમત થઈ હતી.

અધિકારીઓની તપાસમાં જાણવા મળ્યું છે કે આવા ૧૯૦૦ કેસની તપાસ કરવામાં ૧૦૦ દિવસથી વધુ સમય લાગ્યો છે. આ તમામ કેસો ફ્લાઈટ કેન્સલેશન અને રિશેડ્યુલિંગ અથવા ફ્લાઈટ ચેન્જ સાથે સંબંધિત છે. એર ઈન્ડિયા પાસેથી સીધું રિફંડ માગતા પેસેન્જરને જણાવ્યું નથી કે એ રિફંડની રકમ ક્યારે ચૂકવશે. જ્યાં સુધી એર ઈન્ડિયાની રિફંડ પોલિસીનો સવાલ છે, તો લોકોનું માનવું છે કે એર ઈન્ડિયા સમયસર રિફંડ આપતી નથી. જ્યારે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશનનું કહેવું છે કે આ જ કારણ છે કે મુસાફરોને તેમના રિફંડ મેળવવામાં વિલંબ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

એર ઈન્ડિયા ઉપરાંત અન્ય એરલાઈન્સ, જેમને દંડ ફટકારવામાં આવ્યો છે એમાં ફ્રન્ટિયર, ટેપ પોર્ટુગલ, એરો મેક્સિકો, ઈઆઈ એઆઈ અને એવિયન્સ છે. યુએસ ડિપાર્ટમેન્ટ અને ટ્રાન્સપોર્ટેશનનું કહેવું છે કે એર ઈન્ડિયાએ પેસેન્જર રિફંડમાં ૧૨૧.૫ મિલિયન ડોલર અને પેનલ્ટીમાં ૧.૪ મિલિયન ડોલર ચૂકવવા પડશે. બીજી બાજુ, ફ્રન્ટિયરને ૨૨૨ મિલિયન ડોલરનું રિફંડ અને ૨.૨ મિલિયન ડોલર દંડ ફટાકાર્યો છે. છઁ પોર્ટુગલને ૧૨૬.૫ મિલિયન ડોલરનું રિફંડ અને ૧.૧ મિલિયન ડોલરનું દંડ લગાવવામાં આવ્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં બાલાસિનોર, નવચેતન હાઈસ્કુલ, ઓથવાડ ખાતે મતદાન જાગૃતિ રેલી યોજાઇ

મહીસાગર,
વિધાનસભાની સામાન્ય ચુંટણી-૨૦૨૨ માં મતદાન કરવા માટે લોકોમાં જાગૃત્તિ કેળવવા અર્થે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લાની શાળાઓ ખાતે વિદ્યાર્થીઓ અને શાળા પરિવારના સફળ સંકલન દ્વારા અવનવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે.

જેમાં તાજેતરમાં અવસર લોકશાહીનો કેમ્પેઇન અંતર્ગત બાલાસિનોર તાલુકાના નવચેતન હાઈસ્કુલ ઓથવાડ ખાતે મતદાર જાગૃતિ રેલીનુ આયોજન કરવામા આવ્યુ, જેમાં સ્કુલના બાળકો અને શિક્ષકોએ ઉત્સાહભર ભાગ લીધો. કડાણા તાલુકાની એચ.એચ.શેઠ. હાઈસ્કુલ, માલવણ ખાતે બાળકો દ્વારા મતદાન માટે લોક જાગૃતી અંગે નાટ્યસ્પર્ધાનું આયોજન કરાયું, જેમાં તેમણે નાટ્યકલા દ્વારા લોકશાહીના આ મહાપર્વમાં એક એક મતની કિંમત સમજાય તે અંગે લેખન અને અભિનયના અદભુત સમન્વય સ્વરૂપ નાટક રજુ કર્યા.

જેમાં મહત્તમ લોકોએ ભાગ લઈ રેલી સહિત વિવિધ પ્રવૃતિને સફળ બનાવી હતી. આ ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય અને દરેક નાગરિક સમાન અને સહર્ષ રીતે આ પ્રક્રિયાનો ભાગ બને એવા પ્રયાસો જિલ્લા ચૂંટણી તંત્ર મહીસાગર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

# લુણાવાડાના સોનેલા કડાણા સબ માઈનોર કેનાલમાં પુરાણ કરી બાંધકામ થતાં અનેક વિવાદો

લુણાવાડા,
લુણાવાડાના સોનેલા ગામે કડાણા સબ માઈનોર કેનાલમાં પુરાણ કરી દુકાનો બની જતા અનેક વિવાદો સામે આવ્યા છે. કેનાલ ગાયબ કરી દુકાનોનુ બાંધકામ કરાતા જમીન પરથી કેનાલ ગાયબ જોવા મળી રહી છે.

સોનેલા ગામે આવેલ કડાણા કેનાલ મારફતે કેટલાય એવા ગામોના ખેડુતોને પિયત માટે પાણી મળી રહેતુ હતુ પરંતુ હવે પાણી ન મળતા ખેડુતો પણ સિંચાઈના અધિકારીને રજુઆત કરી કેનાલ ખુલ્લી કરાવવા અનેક રજુઆતો છેલ્લા બે વર્ષથી કરી રહ્યા છે. પરંતુ કોઈ જ કાર્યવાહ કરવામાં આવી નથી. આવી બે વર્ષ અગાઉ સિંચાઈ વિભાગના અધિકારીઓ દ્વારા બાંધકામ કરતા બિલ્ડરોને માત્ર નોટિસ આપી સંતોષ માણી લેવામાં આવ્યો છે. બિલ્ડરો દ્વારા કેનાલમાં પુરાણ કરતા સમયે કેટલાંક અરજદારો દ્વારા સિંચાઈ વિભાગના અધિકારીઓને રજુઆતો કરવામાં આવી હતી.પરંતુ જાણે સિંચાઈ વિભાગના અધિકારીઓ કોઈ જ કાર્યવાહી ન કરાતા આજે બાંધકામ તૈયાર થઈ ગયુ છે અને મોટી મોટી દુકાનો બનાવી મોટી મોટી રકમ વસુલી કમાણી કરી દુકાનોનુ ભાડુ પણ વસુલ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ગાંધીનગરના ઉચ્ચઅધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે તો મસમોટુ કૌભાંડ બહાર આવે તો નવાઈ નહિ અને ખેડુતો દ્વારા દુકાનો તોડી કેનાલ ખુલ્લી કરવા માંગ ઉઠી છે.

# કડાણા ડાબા કાંઠા નહેર પિયત વિસ્તારની નહેરમાંથી પાણી મેળવવા રવી મોસમ ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે અરજીઓ ભરવાનું ચાલુ

મહિસાગર,
કાર્યપાલક ઈજનેર, કડાણા વિભાગ નં.૧, દિવડા કોલોની હસ્તકની કડાણા ડાબા કાંઠા નહેર ખરીફ સિંચાઈનો લાભ લેવા માગતા સિંચાઈ વિસ્તારના બાગાયતદારોને જણાવવામાં આવે છે કે ચાલુ વર્ષ રવી મોસમ ૨૦૨૨-૨૩ માટે પાણી લેવા માટેની અરજીઓ સરકારએ નિયત કરેલ ફોર્મમાં સબંધિત સેકશન કચેરીએથી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં સરકાર વર્તમાન નિયમો મુજબ સંપૂર્ણ હકીકત પુરેપુરી ભરીને રજુ કરવી કોરા અરજી પત્રકો જે તે સેકશન ઓફીસેથી વિના મુલ્યે ઉપલબ્ધ થશે જે તે નહેર માઈનોર વોટર કોર્સ પરના લાભિત બાગાયતરાદોમાંથી ઓછામા ઓછા ૫૦% બાગાયદતદારોએ સિંચાઈનું પાણી મેળવવા અરજી કરી હશે તેવા નહેર/ માઈનોર વોટર કોર્સમાંજ સિંચાઈ માટે પાણી આપવામાં આવશે જે તે નહેર પિયત વિસ્તારમાંથી જો ખુબજ ઓછા વિસ્તાર માટે પાણી મેળવવા અંગેની અરજીઓ આવશે તો તેવા વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવુ કે નહીં તેવા નિર્ણય નહેર અધિકારીને આધિન રહેશે, જેની સિંચાઈકારોએ ખાસ નોંધ લેવી. જે તે નહેર મંડળી દ્વારા પાણી લેવા માટેની અરજી કરવામાં આવશે તેને પિયત માટે પાણી આપવા માટે પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે તેમજ પિયત મંડળીની રચના કરવા ઉત્સુકતા દર્શાવશે તે માઈનોર સબમાઈનોર ને પ્રાધાન્ય અપાશે આગોતર પિયાવાની બાકી રકમ પ્રથમ ભરપાઈ કરવાની રહેશે. સિંચાઈનું પાણી સરકાર દ્વારા ધારા ધોરણ મુજબ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. પાછલા બાકી પિયાવાની રકમ નિયમોનુસાર ભર્યાબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે તેની બાગાયતદારોએ ખાસ નોંધ લેવી સિંચાઈ માટે ઢાળિયાને વ્યવસ્થિત રીતે રાખવાની જવાબદારી સબંધિત ખાતેદારોની છે અને તે જો પાણી લેવાના સમય સુધીમાં સાફ થયેલ ન હોય તો પાણી વહેવડાવવાનું બંધ કરી શકાય છે પોતાના ઢાળીયામાંથી બીજા ખેડુતોને પાણી મળે તે હેતુથી પાણી વહેવા દેવુ જોઈએ તે દરેક સિચાઈકારની પ્રાથમિક રીતે પ્રવિત્ર ફરજ છે. આમા બિન જરૂરી હસ્તક્ષેપ કે વિક્ષેપ કરવાનો પ્રયાસ કરનાર ઈસમ સામે કાયાદાકીય કાર્યવાહી થઈ શકે છે. જેની તમામ બાગાયતદોરોએ નોંધ લેવી.રવી મોસમ ૨૦૨૨-૨૩ સિંચાઈ માટેનું પાણી તા.૧૫/૩/૨૦૨૩ સુધી આપવામાં આવશે.

# મહીસાગર જિલ્લામાં લોકશાહીના ઉત્સવની નિતનવિન પ્રવૃતિઓ દ્વારા ઉજવણી

મહીસાગર,
આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ માટે સમગ્ર ગુજરાતમાં ચૂંટણી તંત્ર સક્રિય રીતે કામગીરી કરી રહ્યું છે, એવામાં નવા યુવા મતદારોને ચૂંટણીના મહત્વને સમજાવવા મનોરંજન અને સર્જનાત્મક પ્રવતિઓનો પણ બખુબી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

મહીસાગર જિલ્લામાં વિવિધ સ્થળોએ ગોઠવેલા લોકશાહીના અવસર અંગેના સેલ્ફી પોઈન્ટ તમામ વય જુથના મતદારો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. નાગરિકો આ સેલ્ફી પોઈન્ટ ઉપર મિત્રો સહિત ફોટો લઈ પોતે મતદાન કરવા માટે તૈયાર છે અને અન્યને મતદાન કરવાની અપિલ કરી રહ્યા છે. આ ઉપરાંત વિવિધ પ્રવૃતિઓ દ્વારા મતદારોને આગામી ચૂંટણીમાં પોતાનો અમુલ્ય મત આપી લોકશાહીમાં પોતાની ભાગીદારી નોંધાવવા અંગે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સક્રિય પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાંના એક નવતર પ્રયોગ સ્વરૂપે મહીસાગર જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યા દ્વારા સાઈન કરી સાઈન કેમ્પેઇન ચાલુ કરવામાં આવ્યું. જે અંતર્ગત જિલ્લાના અમુક સ્થળોએ સાઈન બોર્ડ મુકવામાં આવ્યા છે, જેમાં સાઈન કરી તમે મતદાન કરવા માટે પ્રણ લઈ શકો અને બીજાને પણ આવું કરવા માટે પ્રેરણા આપી શકો છો. વધુમાં વધુ લોકો મતદાન કરે તે માટે સમજ અપાઈ રહી છે.



# દિલ્હી-મુંબઈ કોરિડોરની કામગીરી દરમિયાન વડેલામાં સ્મશાનનો રસ્તો તોડી નાંખતા ગ્રામજનોમાં રોષ

દાહોદ,
દિલ્હી-મુંબઈ કોરીડોરમાં માટી પુરાણ માટે તળાવમાંથી માટી લઈ જવાનુ કામ ચાલુ થવાનુ છે. ગામમાં જવા-આવવા માટે એકમાત્ર રોડ ગ્રામ પંચાયત વડેલાથી સ્મશાન રોડ હતો તે કોરિડોરના કામ દરમિયાન તોડી નાંખવામાં આવ્યો છે. કોરીડોર રોડ ઓથોરિટીએ ગામ માટે સર્વિસ રોડ બનાવેલ નથી અને એક રોડ હતો તે પણ તેમના દ્વારા નસ્તનાબુદ કરી દેવામાં આવ્યો છે. આથી કામ શરૂ કરતા પુર્વે ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. તેના કારણે કોરીડોરના જવાબદાર અધિકારી અને કર્મચારી તેમજ ગ્રામજનો વચ્ચે મિટીંગ થઈ હતી. જેમાં વડેલા ગ્રામ પંચાયતથી વડેલા સ્મશાન જવાનો ડામર રોડ તેમની કામગીરીમાં લોડિંગ વાહનોની અવરજવરના કારણે તુટ્યો હોવાની રજુઆત કરવામાં આવી હતી ત્યારે રસ્તાના રિપેરીંગ કરી પછી કામ ચાલુ કરીશુ એવી બાંહેધરી જવાબદારો દ્વારા આપવામાં આવી હતી. જો કે વડેલા ગામના નાગરિકોની જાનમાલની પરવા કર્યા વિના રોડનુ માટી પુરાણ કામ રિપેરીંગ કામ ચાલુ કરી દેતા ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાઈ ગઈ હતી.

# સંજેલીના સરોરી ગામે અજગર મળી આવતા રેસ્કયુ કરાયુ : ગ્રામજનોમાં ભય

સંજેલી,
સંજેલી તાલુકાની આજુબાજુ ડુંગરાળ જંગલ વિસ્તાર આવેલ છે. ત્યારે જંગલી પ્રાણીઓ સહિતના જંગલોમાં જાનવરોનો પણ સમાવેશ થાય છે. સંજેલી વન વિભાગ દ્વારા પાછલા કેટલાક વર્ષથી જંગલ વિસ્તારમાં વૃક્ષો વાવવાનુ તેમજ વૃક્ષોના જતન કરવાની કામગીરી લઈને જંગલોનો સારો વિકાસ થયો છે. ત્યારે જંગલ વિસ્તારમાં વધારો થતાં જ હાલ જંગલોમાં જંગલી પ્રાણીઓ પણ સંજેલી તાલુકામાં પણ જોવા મળી રહ્યા છે. સંજેલી તાલુકામાં હાલ જ કેટલીક જગ્યાઓ ઉપરથી અજગરોનુ પણ રેસ્કયુ કરવામાં આવી રહ્યુ છે.

સંજેલી તાલુકાના સરોરી આઈ.ટી.આઈ.ખાતેથી જ અજગર હોવાની વાતને લઈને લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. અજગરને જોઈને લોકો ગભરાઈ ગયા હતા. ત્યારે સ્થાનિકો દ્વારા વનવિભાગના કર્મચારીઓને સંજેલી ખાતે જાણ કરતા વનવિભાગના કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તેમજ જે જગ્યા ઉપર અજગરની ભારે જહેમત બાદ અજગરનુ રેસ્કયુ કરી વનવિભાગના કર્મચારીઓને સફળતા મળી હતી. સંજેલી વનવિભાગના કર્મચારીઓ દ્વારા અજગરનુ રેસ્કયુ કરી અને તેને અન્ય સલામત જગ્યાએ જંગલમાં છોડી મુકવામાં આવ્યો હોવાનુ જાણવા મળ્યુ હતુ.

# દાહોદ નગર પાલિકાના કોંગ્રેસના ત્રણ સભ્યો ભાજપમાં જોડાયા

દાહોદ,
વિધાનસભાની ચુંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ દાહોદ જિલ્લા વિધાન સભામાં રાજકારણ ગરમાઈ રહ્યું છે. ત્યારે દાહોદ નગરપાલિકાના ત્રણ કોંગ્રેસના કાઉન્સીલરોએ ભારતીય જનતા પાર્ટીનો ખેંસ ધારણ કરી લેતાં હવે દાહોદ નગર પાલિકામાં કોંગ્રેસ માત્ર નામ પુરતી રહી છે. માત્ર એકજ વોર્ડના કાઉન્સીલર કોંગ્રેસમાં સક્રિય છે. ત્યારે આવનાર દિવસોમાં પણ આ વોર્ડ પણ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. બીજી તરફ ગરબાડા તાલુકાના ઝરીબુઝુર્ગ જિલ્લા પંચાયતની સીટના સભ્યો, તાલુકા સભ્યો વિગેરે મળી તમામ ઝરીબુઝુર્ગ જિલ્લા પંચાયત સીટના હોદ્દેદારોએ પણ ભારતીય જનતા પાર્ટીનો ખેંસ ધારણ કરી લેતાં કોંગ્રેસમાં ભડકો થયો છે.

વિધાનસભા ૨૦૨૨ની ચુંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે દાહોદ જિલ્લાની કુલ ૬ વિધાનસભાના ઉમેદવારોની જાહેરાત પણ થવા લાગી છે અને એક બે વિધાનસભાને છોડી કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી દ્વારા પોત પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. ગતરોજ ઝાલોદ વિધાનસભાના બેઠક માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા પુર્વ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના નામની પણ જાહેરાત કરી દીધી છે. ત્યારે બીજી તરફ દાહોદ શહેરની વાત કરીએ તો દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૩ ના ત્રણ કાઉન્સીલરો લક્ષ્મીબેન ભાંટ, કાઈદ ચુનાવાલા અને ઈસ્તીયાક સૈયદે પણ ભારતીય જનતા પાર્ટીનો ખેંસ ધારણ કરી લેતાં હવે દાહોદ નગરપાલિકામાં કોંગ્રેસ નામ સેસ થવાના આરે છે. માત્ર દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૧માં તસ્લીમ નલાવાલા કોંગ્રેસ સક્રિય છે. ત્યારે આ વોર્ડના કાઉન્સીલર પણ ભવિષ્યમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ જશે તેવી ચર્ચાઓ વહેતી થવા પામી છે. દાહોદ નગરપાલિકામાં હવે લગભગ વિરોધ પક્ષ નામસેસ થવાની આરે છે અને તેમાંય ખાસ કરીને વિધાનસભાની ચુંટણીના ટાણે કોંગ્રેસના સભ્યો દ્વારા બળવો પોકારી બીજેપીમાં સામેલ થતાં દાહોદ જિલ્લા કોંગ્રેસ માટે આવનાર દિવસો કપરા ચઢાણ સાબીત કરી શકે છે. ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લા પંચાયતની ગરબાડા તાલુકાના ઝરીબુઝુર્ગ જિલ્લા પંચાયત સીટના તાલુકા સભ્યોથી લઈ તમામ નાના મોટા સભ્યોએ પણ કોંગ્રેસનો છેડો ફાડી ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ જતાં દાહોદ જિલ્લા કોંગ્રેસમાં વિધાનસભાની ચુંટણી ટાળે ભડકો થવા પામ્યો છે. આવનાર દિવસોમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા પોતાનું શક્તિ પ્રદર્શન કરી કોંગ્રેસના કેટલાં કાર્યકર્તાઓને પોતાની પાર્ટીમાં સામેલ કરશે તે જોવાનું રહ્યું.

# ઝાલોદ-૧૩૦ વિધાનસભામાં ભારે કશ્મકસ પછી મહેશ ભુરીયા પુનઃ રીપીટ

દાહોદ,
દાહોદ જિલ્લાની ઝાલોદ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીનું મજબૂત સંગઠન છે, છતાં ચૂંટણી ટાણે અલગ અલગ સમીકરણો રચાતાં હોય છે અને એના લીધે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારને સફળતા મળતી નથી. મહેશભાઈ ભૂરિયાને કેટલાક સરપંચો અને તાલુકા પંચાયત સભ્યો દ્વારા લેટરપેડ પર સમર્થન આપતા ભાજપના મોવડી મંડળ દ્વારા મહેશ ભૂરિયા પર પસંદગી મુકવામાં આવેલ છે. ઝાલોદ વિધાનસભાનું સસ્પેન્સ યથાવત રહેતા ભાજપ કાર્યકર્તાઓના ચહેરા પર ચિંતાનું મોજુ જોવા મળતું હતું. ત્યારે કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડ અને ગુજરાત પાર્લામેન્ટરી બોર્ડના બહુ જ અભ્યાસ કર્યા પછી બહુ જ કશ્મકસ પછી ઝાલોદ વિધાનસભાના ભાજપના કાર્યકર્તાઓ માટે કહેવાતા ફાયર બ્રાન્ડ અને બાહુબલી નેતા મહેશ ભુરીયાનું નામ મોડી રાત્રે જાહેર થતાં ઝાલોદ વિધાનસભાના ભાજપના કાર્યકર્તાઓ દ્વારા મહેશ ભૂરીયાના સમર્થનમાં ગામડે ગામડે ડીજે વગાડી ફટાકડા ફોડી અને મોઢું મીઠું કરવામાં આવ્યું હતું. એમની ઉમેદવારી માટે ભાજપ કાર્યકર્તાઓ વ્યાપક પ્રમાણમાં સમર્થન કરી જંગી બહુમતીથી જીતાડવા માટે ભાજપ કાર્યકર્તાઓ તૈયાર થઈ ગયા હોત તેવો માહોલ સર્જાઈ ગયો હતો. મહેશ ભુરીયાને ઝાલોદ વિધાનસભાના સત્તાવાર ઉમેદવાર જાહેરાત કરતા ઝાલોદ વિધાનસભામાં ભાજપ કાર્યકર્તાઓમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

# કેન્દ્રીય બજેટ : મનરેગા ને વધારાના રૂપિયા ૨૫,૦૦૦ કરોડ ફાળવશે

નવીદિલ્હી,
કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા આગામી કેન્દ્રીય બજેટ માટેની તૈયારી હવે ઝડપી બનાવી દેવામાં આવી છે અને બેઠકોના દોર સતત ચાલી રહ્યા છે અને મોટાભાગે રાહતો અને પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરવા માટેની ચર્ચા વિચારણા થઈ રહી છે. એ જ રીતે દેશમાં રોજગાર આપવા માટેની સૌથી મોટી યોજના મનરેગા ને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો છે અને તેના ભાગરૂપે નાણામંત્રાલયના વર્તુળોએ મીડિયાને એવી માહિતી આપી છે કે મનરેગાને વધારાના રૂપિયા ૨૫,૦૦૦ કરોડની રકમ ફાળવી દેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રામ્ય વિકાસ મંત્રાલય દ્વારા મનરેગાને વધુ ફાળવણી કરવા અંગેની માગણી અનેકવાર કરવામાં આવી હતી અને દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી અને તેનો નાણામંત્રાલય દ્વારા સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩ માટે આ વધારાની ફાળવણી કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે. દરમિયાન મનરેગા અને સતત વધુ ફાળવણી કરવામાં આવી છે અને વધુમાં વધુ ગરીબ લોકોને રોજગાર મળે તે માટે તેને વધુ મજબૂત બનાવવામાં આવી છે અને આગામી દિવસોમાં પણ આ પગલા ચાલુ જ રાખવામાં આવશે. દરમિયાનમાં નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે પણ ડીસ ઈન્વેસ્ટમેન્ટ નો ટાર્ગેટ વધેલો જ રહેશે તેવી સંભાવના પણ વ્યકત કરવામાં આવી છે. આઈડીબીઆઈ માં હિસેદારી વેચીને રૂપિયા ૬૦,૦૦૦ કરોડ એકત્ર કરવાની કેન્દ્ર સરકારની યોજના છે આ ઉપરાંત બીજા પ્રોજેકટ માંથી પણ મોટાપાય આવક ઊભી કરવામાં આવશે અને તે માટેનો રોડ મેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે જે કેન્દ્રીય બજેટમાં જાહેર કરવામાં આવશે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે.

વૃષભ : આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

મિથુન : આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતી રકમ હોવાનો આનંદ મળશે.

કર્ક : તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.

સિંહ : આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

કન્યા : કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે.

તુલા : આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

વૃશ્ચિક : આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઈક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે.

ધનુ : આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે.

મકર : આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો.


કુંભ : આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે.

મીન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે. સાંજથી મોડી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળી શકે છે.

### બાલીમાં ભારતીયોની વચ્ચે મોદી

# ઈન્ડોનેશિયા સાથે અમારો સંબંધ હજારો વર્ષ જૂનો છે, અહીં આવવાનો અહેસાસ અલગ જ છે

બાલી,
ઈન્ડોનેશિયાના બાલીમાં આજથી જી-૨૦ સમિટ શરૂ થઈ ગઈ છે. PM મોદીએપોતાના ભાષણની શરૂઆતમાં ઈન્ડોનેશિયા અને ભારત વચ્ચેના હજાર વર્ષ જૂના સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કહ્યું- ઈન્ડોનેશિયા અને બાલી આવ્યા પછી દરેક ભારતીયની લાગણી અલગ જ હોય છે. હું પણ એ જ લાગણીને અનુભવું છું. ઈન્ડોનેશિયા સાથેનો અમારો હજારો વર્ષો જુનો સંબંધ છે. અમે હજારો વર્ષોથી આ પરંપરાને નીભાવી રહ્યા છીએ.



મોદીએ સંબોધન કરતા કહ્યુ- અમે બાલીમાં છીએ અને અહીંથી દોઢ હજાર કિલોમીટર દૂર કટકમાં બાલી જાત્રા (પ્રવાસ) ચાલી રહી છે. અમે ઘણીવાર વાતચીતમાં કહીએ છીએ-તે એક નાનું વિશ્વ છે. દરિયાના મોજાએ બંને દેશો વચ્ચેના સંબંધોને જીવંત બનાવી રાખ્યા છે. અહીંના વિકાસમાં ભારતીયો સહયાત્રી તરીકે રહ્યા છે.

મોદીએ કહ્યું, અમે ઈન્ડોનેશિયાના એક કલાકારને પદ્મશ્રી એનાયત કર્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવન તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું. તેઓ કહેતા હતા - ભારતની સૌથી મોટી વિશેષતા અતિથિ દેવો ભવઃ છે. ઈન્ડોનેશિયાના લોકોનો લગાવ પણ ઓછો નથી. છેલ્લી વાર જ્યારે હું અહીં આવ્યો હતો ત્યારે મેં રાષ્ટ્રપતિ જોકો વિડોડો સાથે પતંગ ચગાવી હતી. મને ગુજરાતમાં મકરસંક્રાંતિ પર પતંગ ઉડાડવાનો ઘણો અનુભવ છે. આપણે સુખ અને દુઃખના સાથી છીએ. ૨૦૧૮માં જ્યારે અહીં ભૂકંપ આવ્યો ત્યારે અમે ઓપરેશન સમુદ્ર મૈત્રીની શરૂઆત કરી હતી. અમે ૯૯ નોટિકલ માઈલ દૂર નથી, અમે ૯૯ નોટિકલ માઈલ નજીક છીએ. ભારતમાં હિમાલય છે તો અહીં આગુંગ છે. ભારતમાં ગંગા છે તો બાલીમાં પણ ગંગા છે. અહીં પણ ભગવાન ગણેશ દરેક ઘરમાં બિરાજમાન છે. અગણિત વસ્તુઓ આપણને સાથે રાખે છે. અહીંના લોકો મહાભારત સાથે મોટા થાય છે.

ભારતમાં જ્યારે ભવ્ય રામ મંદિરનો પાયો નાખવામાં આવે છે ત્યારે ઈન્ડોનેશિયાની રામાયણ યાદ આવે છે. અહીં ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે જે તેના જીવનમાં એકવાર પણ અયોધ્યા જવાની ઈચ્છા ન રાખતો હોય. એક વર્ષમાં ૫ લાખ ભારતીયો અહીં આવ્યા. જ્યારે વારસો વહેંચવામાં આવે છે, ત્યારે વિકાસના રસ્તાઓ પણ બનતા જાય છે.અમારી આઝાદી ૧૫મી ઓગસ્ટ છે અને ઈન્ડોનેશિયાની ૧૭મી ઓગસ્ટ છે. ઈન્ડોનેશિયા બે વર્ષ વહેલાં સ્વતંત્ર થયું હતું. આપણા બંનેની પાસે એક-બીજાને આપવા માટે ઘણું બધું છે.

વિશ્વની અસંખ્ય કંપનીઓના સીઈઓ ભારતીય છે. ૧૦ માંથી એક યુનિકોર્ન ભારતનો છે. ડિજિટલ ટ્રાન્ઝેક્શનના મામલે અમે નંબર વન છીએ. ૨૦૧૪ પહેલા અને ૨૦૧૪ પછીના ભારત વચ્ચે ઘણો તફાવત છે. મોટો ફરક મોદીનો નથી, કૌશલ્ય અને ઝડપનો છે. સ્ટેચ્યુ હોય કે સ્ટેડિયમ, સૌથી મોટું અમે જ બનાવ્યા.

અમે અમેરિકાની કુલ વસ્તી છે, એટલા તો અમે બેંક ખાતા ખોલાવ્યા છે. અમે ૩ કરોડ ઘર બનાવ્યા છે, જેનો અર્થ છે કે ઓસ્ટ્રેલિયાના દરેક નાગરિકને ઘર મળી જાય. ૫૫ હજાર કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવામાં આવ્યા છે. જે આ સમગ્ર પૃથ્વીની આસપાસ દોઢ ચક્કર લગાવવા બરાબર છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયાના બાલીમાં ભારતીય સમુદાયના કાર્યક્રમમાં સૌને શુભેચ્છા પાઠવી હતી. લોકોએ 'મોદી, મોદી'ના નારા લગાવ્યા હતા.મોદીએ કહ્યું- મેં વારંવાર કહ્યું છે કે આપણે યુક્રેનમાં યુદ્ધવિરામ અને કૂટનીતિનો માર્ગ અપનાવવો જોઈએ. છેલ્લી સદીમાં, **WWII** એ વિશ્વ પર કહેર મચાવ્યો. જે બાદ તે સમયના નેતાઓએ શાંતિનો માર્ગ અપનાવવાનો પ્રયાસ કર્યો હતો. હવે આપણો વારો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયાના બાલીમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા કહ્યું કે ભારતની પ્રતિભા, ટેકનોલોજી, ઈનોવેશન, ઈન્ડસ્ટ્રીએ આજે દુનિયામાં પોતાની ઓળખ બનાવી છે. હવે ભારત નાનું વિચારતું જ નથી. સૌથી મોટી પ્રતિમા બનાવી, સૌથી મોટું સ્ટેડિયમ બનાવ્યું. ૧૦ માંથી એક યુનિકોર્ન ભારતનો હોય છે. ૨૦૧૪ થી, અમેરિકાની કુલ વસ્તીની બરાબર બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. ૨૦૧૪ પહેલા અને હવેના ભારત વચ્ચે તફાવત છે. આજે ભારત ઝડપ અને સ્કેલ પર કામ કરી રહ્યું છે. આજે ભારત ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. ૨૦૧૪ પહેલા અને ૨૦૧૪ પછી ભારતમાં ઝડપ અને સ્કેલમાં ઘણો ફરક છે. આજે ભારત અભૂતપૂર્વ ઝડપે કામ કરી રહ્યું છે. અભૂતપૂર્વ સ્કેલ પર કામ કરી રહ્યું છે.

# દાહોદ જીલ્લા પોલીસે નાસતા ફરતા આરોપીઓના બિનજામીનપાત્ર વોરંટ ઈશ્યુ કર્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં જેમ જેમ વિધાનસભાની ચુંટણી નજીક આવતી જાય છે. તેમ તેમ દાહોદ જિલ્લા પોલીસ પણ સક્રિયતા દાખવી ચુંટણી ટાણે કોઈ અનીચ્છીય બનાવ ન બને અસામાજીક તત્વો તેમજ બુટલેગરો પર લગામ કરવા કમર કસી છે ત્યારે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા એકજ દિવસમાં પ્રોહીના બનાવોમાં, ગેરકાયદે ગાંજાના છોડનો મુદ્દામાલ, જુગાર ધારાના ગુન્હાઓ, નાસતા ફરતાં આરોપીઓ, બિનજામીનલાયક વોરંટવાળા ઈસમો ની બજવણી કરવામાં જેવી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ હાલ દાહોદ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાં ચુંટણીને ધ્યાનમાં લઈ સઘન કામગીરી કરી રહી છે. જેમાં પ્રોહીબીશનમાં જેમાં ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂના કુલ- ૦૭ કેસો જેમાં કુલ બોટલો નંગ. ૧૩૯૧, જેની કી.રૂ.૮૫,૦૨૫/- નો ભારતીય બનાવટનો વિદેશી પ્રોહી મુદ્દામાલ તથા ગુનાના કામે વપરાયેલ ૦૨ વાહનની કીંમત રૂ.૬,૦૦,૦૦૦/- અને મોબાઈલ ફોન -૦૧ કી.રૂ.૩,૫૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે તથા દેશી દારૂના કુલ- ૨૧ કેસો , ૯૨ લીટર જેની કીંમત રૂપીયા - ૧૮૪૦/-નો પ્રોહી મુદ્દામાલ જપ્ત કરેલ છે. જુગારધારાના ગુનામાં અંગ ઝડતીમાંથી રોકડા રૂ.૩૧,૦૮૦/-, મોબાઈલ ફોન-૦૩ કી.રૂ.૬,૦૦૦/- તથા કેલ્કયુલેટર- ૦૧ કી.રૂ.૧૦૦/- મળી કુલ કી.રૂ.૩૭,૧૮૦/- નો મુદ્દામાલ જપ્ત કરેલ છે. ગાંજાના છોડ નંગ- ૨૦૩ જેનું વજન- ૨૫૫.૯૨૫ કી.ગ્રામ જેની કુલ કી.રૂ.૨૫,૫૯,૨૫૦/- મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. જુગારધારા કલમ ૧૨(અ) મુજબના ગુનાના કામે રેઈડ કરી આ કામના કુલ- ૦૮ આરોપીઓ પૈકી ૦૪ આરોપીઓને જીલ્લા એલ .સી. બી શાખા, દાહોદ ના અધિકારી/ કર્મચારીઓએ બાતમી આધારે રેઈડ કરી આરોપીને પકડી ગુનાના કામે હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. ગરબાડા તાલુકામાંથી વનસ્પતિ જન્ય ગાંજાના ફુલ છોડ નંગ- ૪૪ જેનું વજન- ૨૮.૬૪૦ કી.ગ્રામ જેની કી.રૂ.૨,૮૬,૪૦૦/-ના મુદ્દામાલ સાથે આ કામના આરોપીને ઝડપી પાડી જીલ્લા એસ.ઓ.જી શાખા, દાહોદના અધિકારી/ કર્મચારીઓએ હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. દેવગઢ બારીઆ તાલુકામાંથી વનસ્પતિ જન્ય ગાંજાના ફુલ છોડ નંગ- ૮૨ જેનું વજન- ૧૨૭.૫૦૦ કી.ગ્રામ જેની કી.રૂ.૧૨,૭૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે આ કામના આરોપીને ઝડપી પાડી જીલ્લા એસ.ઓ.જી શાખા, દાહોદના અધિકારી/ કર્મચારીઓએ હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. દેવગઢ બારીઆ તાલુકામાંથી વનસ્પતિ જન્ય ગાંજાના ફુલ છોડ નંગ- ૭૭ જેનું વજન- ૯૯.૭૮૫ કી.ગ્રામ જેની કી.રૂ.૯,૯૭,૮૫૦/-ના મુદ્દામાલ સાથે આ કામના આરોપીને ઝડપી પાડી જીલ્લા એસ.ઓ.જી શાખા, દાહોદના અધિકારી/ કર્મચારીઓએ હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

દાહોદ તાલુકા માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો નંગ-૩૧૨ જેની કી.રૂ.૩૧,૫૩૬/-નો પ્રોહી મુદ્દામાલ સ્થાનિક પો.સ્ટે.ના અધિકારી/ કર્મચારીઓએ બાતમી આધારે રેઈડ કરી ગુનાના કામે આરોપીને હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. કતવારા વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયરની બોટલો મળી કુલ બોટલો નંગ-૨૫૮ જેની કી.રૂ.૩૦,૧૮૪/-નો પ્રોહી મુદ્દામાલ તથા ગુનાના કામે વપરાયેલ વાહનની કી.રૂ.૨,૫૦,૦૦૦/- મળી કુલ કી.રૂ.૨,૮૦,૧૮૪/-નો મુદ્દામાલ સ્થાનિક પો.સ્ટે.ના અધિકારી/ કર્મચારીઓએ બાતમી આધારે રેઈડ કરી ગુનાના કામે આરોપીને હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. પીપલોદ વિસ્તારમાંથી વિદેશી દારૂ ની બોટલો મળી કુલ બોટલો નંગ. ૭૨૦, જેની કી.રૂ.૭૭,૦૪૦/-નો પ્રોહી મુદ્દામાલ તથા ગુનાના કામે વપરાયેલ વાહનની કી.રૂ.૩,૦૦,૦૦૦/- અને મોબાઈલ ફોન કી.રૂ.૩૫૦૦/- મળી કુલ કી.રૂ.૩,૮૦,૫૪૦/-નો મુદ્દામાલ સ્થાનિક પો.સ્ટે.ના અધિકારી/ કર્મચારીઓએ બાતમી આધારે રેઈડ કરી ગુનાના કામે આરોપીને હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

દેવગઢ બારીયા વિસ્તાર માંથી છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો/વોન્ટેડ આરોપી નામે વિજયભાઇ બચુભાઇ જાતે.બારીયા રહે. જુનાબારીયા, તા.દેવ.બારીયા, જી. દાહોદ નાને સ્થાનીક પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારીઓએ બાતમી આધારે રેઈડ કરી આ કામના આરોપીને પકડી ગુનાના કામે હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. પીપલોદ વિસ્તારમાંથી છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો/ વોન્ટેડ આરોપી નામે ગેમાભાઇ ઉર્ફે ભીમસીંગભાઇ કાળુભાઇ જાતે.બારીયા રહે. ચંચેલાવ બારીયા ફળીયું, તા.ગોધરા , જી.પંચમહાલ નાને સ્થાનીક પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારીઓએ બાતમી આધારે રેઈડ કરી આ કામના આરોપીને પકડી ગુનાના કામે હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે તેમજ ખુબ લાંબા સમયથી પેન્ડીંગ-૩૫ બિનજામીનલાયક વોરંટવાળા ઈસમો ની બજવણી કરવામાં આવેલ છે તેમજ લીધેલ અટકાયતી પગલામાં સી.આર.પી.સી-૧૦૭ હેઠળ કુલ- ૭૮ ઈસમો વિરૂધ્ધ અટકાયતી પગલા લીધેલ છે અને સી.આર.પી.સી- ૧૫૧ હેઠળ કુલ-૭૯ અટકાયતી પગલા લીધેલ છે તથા સી.આર.પી.સી-૧૦૯ હેઠળ કુલ- ૦૮ અટકાયતી પગલા લીધેલ છે તથા સી.આર.પી.સી-૧૧૦ હેઠળ કુલ-૩૧૬ અટકાયતી પગલા લીધેલ છે તથા પ્રોહી-૯૩ ના હેડ હેઠળ કુલ- ૫૮ મળી કુલ-૪૮૧ અટકાયતી પગલા લીધેલ છે. જીલ્લામાં લાયસન્શ ધરાવતા હથિયારપરવાનેદારોના કુલ- ૬૦ ના હથિયારો જમાં લેવામાં આવેલ છે. આવા અસામાજીક તત્વો વિરૂધ્ધ અસરકારક અટકાયતી પગલા લેવાની સારી કામગીરી દાહોદ જીલ્લા પોલીસે કરેલ છે.

## ગુજરાત વિધાનસભા ચૂંટણી મહાસંગ્રામ : દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ છ વિધાનસભા બેઠકો પર ૧૯ ફોર્મ ભરાયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ







દાહોદ,

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨નો રંગ પ્રજા માનસમાં જામતો જાય છે અનેક અસમંજસ અને અટકળો વચ્ચે ઉમેદવારી પત્રો ભરવાના દ્વિતીય દિવસે દાહોદ જિલ્લાની ૬ બેઠકો માટે ૧૮ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આમ, ચૂંટણી મેદાનમાં કુલ ૧૯ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. ૧૩૨ દાહોદ વિધાનસભા બેઠક પર આજે ભરાયેલા ઉમેદવાર પત્રો પૈકી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વજુભાઈ પણદા, ભાજપના કનૈયાલાલ કિશોરીએ, આમ આદમી પાર્ટીના ડો. દિનેશભાઈ મુનિયા, બીટીપીના દેવેન્દ્રભાઈ મેડા પોતાના સમર્થકો સાથે રેલી સ્વરૂપે પ્રાંત ઓફિસ પહોંચી પોતાના ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા.

## દાહોદ જીલ્લાના ત્રણ ગામો માંથી ખેતરમાં વાવતેર કરેલ ૨૫.૫૯ લાખનો ગાંજાનો જથ્થો SOG પોલીસે ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં ત્રણ અલગ અલગ સ્થળોએ દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે ત્રણ ખેતરોમાંથી ગેરકાયદે વાવેલ લીલા ગાંજાના છોડનો કુલ રૂા.૨૫,૫૯,૨૫૦ના જથ્થા સાથે ત્રણ ઈસમોની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ઝાબ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૧૪મી નવેમ્બરના રોજ દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે ઝાબ ગામે બોડી ડુંગર ફળિયામાં રહેતાં ચંદુભાઈ અભેસિંહભાઈ બારીયાના ખેતરમાં પોલીસે ઓચિંતો છાપો મારતાં ખેતરમાં વાવેલ ગેરકાયદે લીલા ગાંજાના છોડ નંગ. ૫૨ જેનું કુલ વજન ૧૨૭ કિલો ૫૦૦ ગ્રામ કિંમત રૂા. ૧૨,૭૫,૦૦૦ના જથ્થા સાથે પોલીસે ચંદુભાઈની અટકાયત કરી આ સંબંધે દાહોદ એસ.ઓ.જી. પોલીસે સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજો બનાવ ગરબાડા તાલુકાના નળવાઈ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૪મી નવેમ્બરના રોજ દાહોદ એસ.ઓ.જી. પોલીસે નળવાઈ ગામે રહેતાં રામસીંગભાઈ શકરાભાઈ નળવાયાના ગામમાં આવેલ ખેતરમાં ઓચિંતો છાપો મારતાં પોલીસે ખેતરમાંથી ગેરકાયદે વાવેતર કરેલ ગાંજાના છોડ નંગ. ૪૪ જેનુ વજન ૨૮ કિલો ૬૪૦ ગ્રામ કિંમત રૂા. ૨,૮૬,૪૦૦ના જથ્થા સાથે પોલીસે રામસીંગભાઈની અટકાયત કરી ગરબાડા પોલીસ મથકે દાહોદ એસ.ઓ.જી. પોલીસે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના વડભેટ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૪મી નવેમ્બરના રોજ દાહોદ એસ.ઓ.જી. પોલીસે વડભેટ ગામે સિમોડા ફળિયામાં રહેતાં મગનભાઈ સાંકળાભાઈ કોળી (બારીયા) ના ગામમાં આવેલ ખેતરમાં ઓચિંતો છાપો મારતાં પોલીસે ખેતરમાંથી ગેરકાયદે વાવેતર કરેલ ગાંજાના લીલા છોડ નંગ.૭૭ વજન ૯૯ કિલો ૭૮૫ ગ્રામ કિંમત રૂા.૯,૯૭,૮૫૦ના જથ્થા સાથે મગનભાઈની અટકાયત કરી દાહોદ એસ.ઓ.જી. પોલીસે સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુરની નવાનગર ગામે બાઈક કોતરમાં ખાબકતા ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નવાનગર ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતાં મોટરસાઈકલ રસ્તાની સાઈડમાં આવેલ કોતરમાં ખાબકી પડતાં મોટરસાઈકલના ચાલકને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૩મી નવેમ્બરના રોજ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ટુંકીવજુ ગામે કરમાસેલ ફળિયામાં રહેતાં અનીલભાઈ દીનેશભાઈ ભુરીયા પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ધાનપુર તાલુકાના નવાનગર ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે પોતાના કબજાની મોટરસાઈકલ હંકારી પસાર થઈ રહ્યા હતા. તે સમયે મોટરસાઈકલની વધુ પડતી ઝડપના કારણે મોટરસાઈકલ પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટરસાઈકલ રસ્તાની બાજુમાં આવેલ રોંગ સાઈડના કોતરમાં ખાબકી પડતાં મોટરસાઈકલ સવાર અનીલભાઈને શરીરે, હાથે, પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે ગરબાડા તાલુકાના ટુંકીવજુ ગામે કરમાસેલ ફળિયામાં રહેતાં સેવલાભાઈ હીરકાભાઈ ભુરીયાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ સીંગલ ફળીયામાં વરલી મટકાનો જુગાર રમતા ૪ ઈસમો ઝડપાયા

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ સીંગલ ફળિયા ખાતે ખુલ્લામાં જાહેરમાં વરલી મટકાનો આંક ફરકના જુગાર ધામ પર દાહોદ એલ.સી.બી. પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે આઠ પૈકી ૪ જુગારીઓને ઝડપી પાડ્યાં હતાં જ્યારે ૪ જુગારીઓ નાસી જવામાં સફળ રહ્યાં હોવાનું જાણવા મળે છે. પોલીસે રોકડા રૂપીયા, ત્રણ મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા. ૩૭,૧૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગત તા.૧૪મી નવેમ્બરના રોજ દાહોદ એલ.સી.બી પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ શહેરમાં આવેલ સીંગલ ફળિયા સાંસી સમાજની વાડીની બાજુમાં આવેલ ખુલ્લામાં જાહેરમાં જુગાર રમી રહેલા અને જુગાર રમાડતાં ઈસમોના જુગાર ધામ પર પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે ઈમ્તીયાઝખાન મુરતુઝાખાન પઠાણ, રમણભાઈ દલાભાઈ ગુંડીયા, બાબુભાઈ નાનજીભાઈ ભુરીયા અને ગણેશભાઈ મોહનભાઈ સંગાડાને ઝડપી પાડ્યાં હતાં ત્યારે પોલીસને ચકમો આપી કૈલાશભાઈ ભવરસીંગભાઈ ડાભી, રવીભાઈ ભગાભાઈ સાસી, ઠેબરભાઈ ભગાભાઈ સાસી અને શૈલેષભાઈ નવલભાઈ ડામોર નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે ઝડપાયેલ જુગારીઓની અંગ ઝડતીમાંથી અને દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૩૧,૦૮૦, મોબાઈલ ફોન નંગ.૩ તેમજ જુગારના સાધનો મળી કુલ રૂા.૩૭,૧૮૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત આઠેય જુગારીઓ વિરૂધ્ધ દાહોદ એલ.સી.બી. પોલીસે દાહોદ બી. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


## ફતેપુરા કોંગ્રેસના ઉમેદવારે ઉમેદવારી પત્ર રજૂ કર્યુ



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

કોંગ્રેસના ઉમેદવાર રઘુભાઈ દીતાભાઈ મછાર મામલતદાર કચેરીમાં ચૂંટણી અધિકારીને ઉમેદવારી પત્ર રજૂ કર્યો. ૧૨૯ ફતેપુરા વિધાનસભાના ઉમેદવાર ઉમેદવારી પત્ર ભરવા માટે મામલતદાર કચેરીમાં આવીને ચૂંટણી અધિકારીને પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું. ૧૨૯- ફતેપુરા વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર રઘુભાઈ દીતાભાઈ મછાર વિધાનસભાના સભ્ય તરીકેનું ઉમેદવારી પત્ર મામલતદાર કચેરીમાં આવીને ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર મધ્યાન ભોજન યોજના ફાલ્ગુનભાઈ પંચાલને ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું. જ્યારે બીજું ઉમેદવારી પત્ર કોંગ્રેસના ડમી તરીકે ઘનશ્યામભાઈ દીતાભાઈ મછારનું રજુ કરવામાં આવ્યું હતું.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

**ઝાલોદ પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતેથી કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર ડો.મિતેશ ગરાસિયા દ્વારા કાર્યકર્તાઓને સાથે રાખી નગરમાં રેલી સ્વરૂપે પ્રાંત કચેરી ખાતે વિધાનસભાની ચૂંટણીનું ફોર્મ ભરવા ગયા હતા. કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાઓ ઢોલ નગારા અને આદિવાસી નૃત્ય કરતા રેલી સ્વરૂપે પ્રભુતા પાર્ટી પ્લોટથી નીકળ્યા હતા. ત્યાર બાદ રેલી દરમિયાન સરદાર પટેલ અને ભીલ રાજા વસૈયાની પ્રતિમાને ફુલ પહેરાવી પ્રાંત કચરી ખાતે પહોંચી ચૂંટણી અધિકારીને કોંગ્રેસ પાર્ટી તરફથી વિધાનસભાની ચૂંટણીનું ફોર્મ ભરી સોપ્યું હતું. ત્યાર બાદ ડો.મિતેશ ગરાસિયા દ્વારા કોંગ્રેસ પાર્ટી જંગી બહુમતીથી જીતશે, તેવો દાવો કરવામાં આવ્યો હતો.**

## ગરબાડા આમ આદમી પાર્ટીના ૧૩૩ વિધાનસભાના ઉમેદવાર શૈલેષભાઈ કનુભાઈ ભાભોર દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યું

ગરબાડા,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થતાં હવે ઉમેદવારો પોતાના ઉમેદવારી પત્રો ભરવાની તૈયારીમાં જોતરાયા છે. ત્યારે બીજા ચરણમાં આવતા ગરબાડા વિધાનસભામાં પણ ૧૩૩ મત વિસ્તારના આમ આદમી પાર્ટીના ઉમેદવાર શૈલેષભાઈ કનુભાઈ ભાભોર દ્વારા બળદ ગાડામાં આદિવાસી પહેરવેશ તેમજ પાઘડી પેહરી હાથમાં તિરંગો લઈ આકર્ષક લૂકમાં ભારે જનમેદની સાથે વાજતે ગાજતે ગરબાડા નગરમાં રેલી કાઢી ગરબાડા મામલતદાર કચેરી ખાતે પોતાનું ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યું હતું અને આમ આદમી પાર્ટી ભારે બહુમતીથી ગરબાડા મત વિસ્તારમાં વિજયી બનશે તેમ જણાવ્યું હતું. તે પછી બહુજન સમાજ પાર્ટીના ધૂળાભાઈ દીતાભાઈ ભાભોર દ્વારા પણ ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યું હતું. આમ ગરબાડામાં મંગળવારે બે ઉમેદવારી પત્ર ભરાયા હતાં.

## દે.બારીયા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવારે સર્મથકોની હાજરી સાથે ઉમેદવારી નોંધાવી

દે.બારીયા,

દાહોદ જીલ્લાના દે.બારીયા વિધાનસભા ૧૩૪ બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભરત વાખળાએ લગભગ ૪ થી ૬ હજાર સર્મથકોની ઉપસ્થિતી સાથે સમડી સર્કલ થી રેલીના સ્વરૂપે બપોરે ૧.૦૦ કલાકે ઉમેદવારીપત્ર ભરવા માટે કુચ કરી હતી. જેમાં ગોજીયા ગામ તથા જંબુસર સહિત સેવનિયા, સાદરાના સર્મથકો આવ્યા હતા. આ તમામ સર્મથકોનું બપોરનું ભોજન રાખવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે ભાજપની નોંધાઈ હતી. એક દિવસ બાદ એટલે તા.૧૫/૧૦/૨૦૨૨ના મંગળવારે ડી.જે.ના ગાજાવાજા સાથે આમ આદમીના ઘોષીત ઉમેદવાર ભરત વાળખા એ સર્મથકો સાથે એ પણ ગ્રામિણના આપ પાર્ટીના બેનર અને ટોપી ખેસ ધારણ જોવા મળ્યા હતા. અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, ગઈ કાલના ભાજપના સર્મથકો અને આજના આમ આદમી પાર્ટીના સર્મથકોની એક સરખી સંખ્યા જોવા મળી હતી. જેથી આપ પાર્ટી અને ભાજપ સાથે સીધી ટક્કર જોવા મળે તેવી સંભાવના દેખાઈ રહી છે. કોંગ્રેસ ત્રીજા સ્થાને ધકેલાઈ જાય તો નવાઈ નહિ. આઈ.બી.ના રીપોર્ટના મુજબ આખા ગુજરાત રાજ્યમાં ૯૫ થી ૧૦૦ બેઠકો આમ આદમી પાર્ટી લાવી શકે છ. તેવા અહેવાલ આપવામાં આવ્યા છે. દાહોદ મુકામે જાહેર સભામાં આપ પાર્ટીના



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

સંયોજક અરવિંદ કેજરીવાલના જાહેર સભાના સંબોધનના છે. આજે પણ ગઈકાલના મુજબ પોલીસ બંદોબસ્ત જમા સ્થળોએ ખડકી દેવામાં આવ્યો હતો. જ્યારે ગઈકાલની જેમ મામલતદાર ઓફિસ સહિત તમામ સરકારી ઓફિસો સુની હતી. લાભાર્થીઓ પણ જોવાતા ન હતા. ગઈકાલના મામલતદાર ઓફિસને લગતા ઓબીસી જેવા પ્રમાણપત્રો આજે એક દિવસ બાદ મળતા લાભાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો. હવે તો ખાસ કરીને ઓફિસોમાં આચારસંહિતાની તલવાર લાભાર્થીઓ ઉપરબ લટકતી રહેશે તેવું લાભાર્થીઓમાં ગણગણાટ જોવા મળેલ છે. જેથી ગરીબ, અશ્કત લાભાર્થીઓના કાર્યો થાય તેવા સરકારી કર્મચારીઓ પાસે આશા વ્યકત કરી છે અને ઉચ્ચપદના અધિકારીઓ આ બાબતે સંગ્યાન લેશે ખરાં ? તે તો આવનારો સમય બતાવશે.

## દાહોદ સાંઈ દર્શન સોસાયટીમાં રેલ્વેના નિવૃત્ત કર્મચારીએ કોમન પ્લોટમાં દબાણ કરતાં કોર્ટ કમિશને રિપોર્ટ તૈયાર કર્યો

દાહોદ,

દાહોદ શહેરની તદ્દન નજીક આવેલી રહેણાંક સોસાયટીમાં રેલ્વેના નિવૃત અધિકારી દ્વારા સોસાયટીના કોમન પ્લોટ તેમજ જાહેર રસ્તામાં દબાણ કરતા સોસાયટીના રહેવાસીઓ દ્વારા આ મામલે વિરોધ નોંધાવી સામૂહિક રીતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરતા વિભાગના અધિકારીઓ દ્વારા તપાસ કરતા રેલવેના અધિકારીએ ગેરકાયંત્ર રીતે દબાણ કર્યું હોવાનું સામે આવ્યું છે. સાથે સાથે દબાણ દૂર કરવા TDO ને હુકમ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. તો બીજી તરફ રેલ્વેના નિવૃત અધિકારીએ આ મામલે કોર્ટ કમિશનની માંગ કરવામાં આવતા કોર્ટ કમિશનમાં કર્મચારીઓએ સ્થળ પર આવી સમગ્ર મામલા માટેનો એક રિપોર્ટ તૈયાર કરવાની થતી જ હાથ ધરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ શહેર થી તદ્દન નજીક આવેલા ગલાલિયાવાડ સાંઈ દર્શન સોસાયટીના રહેવાસી અને રેલ્વેના નિવૃત અધિકારી આઈ.ડી. મિશ્રાએ ૨૦૧૯માં સોસાયટીમાં મકાનના બાંધકામ માટે જમીન લીધી હતી. ત્યારે આ સોસાયટીના નિર્માણ પહેલા રસ્તા તેમજ કોમન પ્લોટ માટે જગ્યા છોડવામાં આવી હતી. જોકે, આઈ.ડી. મિશ્રા દ્વારા જમીનમાં બાંધકામ સમયે સોસાયટીના રસ્તા તેમજ કોમન પ્લોટની જગ્યામાં બાંધકામ કરી દબાણ ઊભું કરતા તેમની જ સોસાયટીની બિંદુબેન અરવિંદ કુમાર છત્રીય તેમજ અન્ય ૧૯ જેટલા મકાન માલિકો દ્વારા ગેરકાયદેસર દબાણ મામલે આઈ.ડી. મિશ્રાને કહેતા તેઓએ પોતાની મનમાની ચલાવી હતી અને ખુલ્લા પ્લોટ અને રસ્તાની જમીનમાં ગેરફાયદો સર દબાણ ઊભું કરી દીધું હતું. ત્યારબાદ આ મામલામાં સોસાયટીના રહીશો દ્વારા જિલ્લા પોલીસવડા પ્રાંત અધિકારી, કલેક્ટર, તાલુકા વિકાસ અધિકારી, સીટી સર્વે ઓફિસમાં લેખિત રજૂઆત કરી હતી. સાથે સાથે આઈ.ડી. મિશ્રા વિરૂદ્ધ જિલ્લા સ્વાગત તેમજ લેન્ડ ગ્રેબિંગ અંતર્ગત ગુનો દાખલ કરવાની રજૂઆત પણ કરવામાં આવી હતી. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આ મામલે તપાસના હુકમ બાદ સીટી સર્વે ઓફિસ દ્વારા જમીનની માપણી હાથ ધરાતા આઈ.ડી.મિશ્રાએ ગેરકાયદેસર દબાણ ઊભું કરાયું હોવાનું સામે આવતા સીટી સર્વે કચેરી દ્વારા તારીખ ૨૭/૦૭/૨૦૨૨ના રોજ ગેરકાયદેસર દબાણ દૂર કરવા ટીડીઓને હુકમ કરતા સમગ્ર મામલામાં ગરમાવો જોવા મળ્યો હતો. જોકે, દિવસો વીત્યા છતાય સોસાયટીના નાગરિકો દ્વારા પુનઃ અરજી કરી હતી. જેમાં આઈ.ડી. મિશ્રા દ્વારા કોર્ટ કમિશનમાં અરજી કરતા કમિશનના બે કર્મચારીઓ ગઈકાલે તળ પર આવ્યા હતા અને તેઓએ ગેરકાયદેસર દબાણ અંગે પંચની હાજરીમાં રિપોર્ટ તૈયાર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખની છે કે, લેન્ડગ્રેબિંગ અંતર્ગત ગુનો દાખલ કરવા સોસાયટીના રહીશો દ્વારા સામુહિક અરજી કરતા કલેક્ટરએ આ મામલામાં નિષ્પક્ષ તપાસ કરી ઘેર કદાચ દબાણ ઊભું થયું હોય તો લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ કરવા સહિતની યોગ્ય કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ વડાને મોકલી આપ્યો હતો. જ્યાં હાલ જિલ્લા પોલીસવાળા પાસે હાલ આ મામલો પેન્ડિંગમાં છે. ત્યારે ગેરકાયદેસર દબાણ દૂર કરી કાર્યવાહી કરવા માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હોવાનું સામે આવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.72


# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# પંચમહાલ જીલ્લામાં ભાજપ, કોંગ્રેસ અને આપ પાર્ટી દ્વારા ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા

## શહેરા બેઠક પર ભાજપના જેઠાભાઈ ભરવાડ અને આપ પાર્ટીના તખતસિંહ સોલંકીએ વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભર્યું

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા ૧૨૪ વિધાનસભાના બેઠક માટે ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડ દ્વારા આજે પોતાનું ઉમેદવારીપત્ર ભરીને વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે આમ આદમી પાર્ટી માંથી તખતસિંહ સોલંકી એ પણ શુભ મુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભર્યું હતુ. આ બન્ને ઉમેદવારોએ જીત નિશ્ચિત હોવાનું જણાવ્યું હતુ.

શહેરા વિધાનસભા બેઠક પર ભાજપ દ્વારા જેઠાભાઈ ભરવાડની પાંચમી વખત પસંદગી કરવામાં આવી હતી. ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડ ચાંદણગઢ મંદિરથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સાથે ઉમેદવારી પત્ર ભરવા માટે નીકળ્યા હતા. જેઠાભાઈ ભરવાડનું રસ્તામાં આવતા અનેક ગામના ગ્રામજનો દ્વારા ફુલહાર પહેરાવીને તેમનું સ્વાગત કરવા સાથે વડીલો દ્વારા તેમને આશીર્વાદ પણ આપવામાં આવ્યા હતા. જેઠાભાઈ ભરવાડ વાજતે ગાજતે તેમના મોટી સંખ્યામાં સમર્થકો સાથે શહેરા પ્રાંત અધિકારીની કચેરી ખાતે આવી પહોંચ્યા હતા. જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, રચજીભાઈ પરમાર, ડો.કિરણસિંહ બારીયા, વિક્રમભાઈ પગી અને જુવાનસિંહ બારીયાને સાથે રાખીને ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડે વિધાનસભાના ચુંટણી અધિકારી એન.કે. પ્રજાપતિ સમક્ષ પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કર્યું હતું. ભાજપ માંથી પાંચમી વખત વિધાનસભાની ચૂંટણી લડતા જેઠાભાઈ ભરવાડે જણાવ્યું હતું કે, આ વખતે પણ અહીંથી ભાજપની જીત નિશ્ચિત છે અને રાજ્યમાં પણ ભાજપની સરકાર બનશે. આ વખતે ૧૩૫ થી ૧૪૦ બેઠકો ભાજપની આવવાની છે. ભાજપના ઉમેદવાર સાથે મોટી સંખ્યામાં તેમના સમર્થકો ઉમટી આવતા એક તરફનો હાઈવે માર્ગ સંપૂર્ણ બંધ થઈ જવા સાથે ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો પણ ખુશ ખુશાલ જોવા મળી રહ્યા હતા. જ્યારે આ બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર તખતસિંહ સોલંકી પોતાના સમર્થકો સાથે ઉમેદવારી ફોર્મ ભરવા માટે આવ્યા હતા. તખતસિંહ સોલંકીએ ચૂંટણી અધિકારી સમક્ષ વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જ્યારે તખતસિંહ સોલંકી એ પણ આ વખતે મારી જીત નિશ્ચિત હોવાનું જણાવ્યું હતું. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને આપ પાર્ટીના ઉમેદવાર દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હોય જ્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા હજુ સુધી ઉમેદવારના નામની જાહેરાત કરવામાં નહીં આવતા કોંગ્રેસ કાર્યકરો મૂંઝવણમાં મુકાઈ ગયા છે.

## હાલોલ વિધાનસભાના ભાજપ ના ઉમેદવાર જયદ્રથસિંહ પરમારે પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું



હાલોલ, પંચમહાલની હાલોલ વિધાનસભાના ભાજપ ના ઉમેદવાર જયદ્રથસિંહ પરમારે પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું. ૧૧:૪૪ ના શુભ મુહૂર્ત માં ચૂંટણી અધિકારીને પોતાનું ઉમેદવારી પત્ર સુપરત કર્યું. જયદ્રથસિંહ પરમારે પોતાના કાર્યાલય થી સભા સંબોધી જંગી રેલી સાથે પ્રાંત કચેરી પહોંચ્યા હતા. જો કે જેમ દરેક ઉમેદવારો ખૂબ જ તામ જામ સાથે રેલી ચોજી ઉમેદવારી પત્ર આપવા જતા હોય છે તે રીતે જયદ્રથસિંહે નવો ચીલો ચિતરી મોરબી માં બનેલ દુઃખદ ઘટના અને હાલોલ તાલુકામાં ગત રાત્રી દરમ્યાન બનેલ ૪ વર્ષ ની બાળકી ની હત્યા અને દુષ્કર્મ ની ઘટના ને લઈ જયદ્રથસિંહે સભામાં દુઃખ વ્યક્ત કર્યું હતું અને ખૂબ જ સાદાઈ થી રેલી ચોજી ઉમેદવારી પત્ર નોંધણી કરાવી હતી. જયદ્રથસિંહની ઉમેદવારી રેલી અને સભામાં મોટી સંખ્યા માં સમર્થકો અને કાર્યકરો જોડાયા હતા. સભામાં વિરોધીઓ પર જયદ્રથસિંહે આકરા પ્રહાર કર્યા હતા. ઉમેદવારી ભર્યા બાદ જીતનો વિશ્વાસ પણ જયદ્રથસિંહ પરમારે વ્યક્ત કર્યો.

## મોરવા(હ) બેઠકના ઉમેદવાર સ્નેહલતાબેન ખાંટ એ ઉમેદવારી ફોર્મ ભર્યું



મોરવા(હ), પંચમહાલ જિલ્લામાં આવેલ ૫ વિધાનસભા બેઠકો માંથી ૧૨૫ મોરવા હડફ વિધાનસભા બેઠક માટે કોંગ્રેસના મહિલા ઉમેદવાર સ્નેહલતાબેન ખાંટ એ મતદારોના જોરે અને આત્મવિશ્વાસ સાથે આજે મોરવા હડફ ખાતે મામલતદાર સમક્ષ પોતાની ઉમેદવારી નોંધાવી. પોતાના વતન મોરવા હડફના વિરણીયા થી રેલી સાથે નીકળ્યા બાદ ખાનપુરમાં જાહેર સભાને પણ સંબોધન કર્યું હતું. આજે બપોરના ૧૨.૩૯ ના વિજય મુહૂર્તમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહિતની ઉપસ્થિતીમાં ઉમેદવારી પત્ર જમા કરાવ્યું હતું. સ્નેહલત્તાબેન ખાંટે જીતનો વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું કે, મત માંગવા મુદ્દે તેઓ પાસે સમસ્યાના ખૂબ મુદ્દા છે. સ્નેહલતા બેન ખાંટે પોતાના સાસુને ૨૦૧૨ માં અને તેમના જેઠને ૨૦૧૭ માં આપેલા સહકાર જેમ પુનઃ સહકાર આપવા અને સ્વર્ગસ્થના અરમાન પુરા કરવા મતદારોને કરી વિનંતી હતી. સ્નેહલતા ખાંટે મતદારો ઉપર વિશ્વાસ હોવાનું જણાવી મતદારો સાથ સહકાર આપશે એવો આશાવાદ વ્યક્ત કર્યો છે. ઉલ્લેખનીય છે કે, પંચમહાલ જિલ્લામાં આવેલી ૫ વિધાનસભા બેઠકો માંથી મોરવા હડફ બેઠક માટે કોંગ્રેસે પોતાનો ઉમેદવાર આપ્યો છે. બાકીના બેઠકો માટે આજદિન સુધી કોકડું ગુંચવાયું છે.

પંચમહાલ વિધાનસભાની પાંચ બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવાના શરૂ થયા આજરોજ ૧૯ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. ઉમેદવારી ફોર્મ ભરવા ઉમેદવારો ભારે ઉત્સાહ જોવા મળ્યો. પંચમહાલ જીલ્લા પાંચ વિધાનસભા બેઠકો માટે આજ બીજા દિવસે ઉમેદવારી ફોર્મ ભરવામાં ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળ્યો. બીજા દિવસે શહેરા વિધાનસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર જેઠાભાઈ ભરવાડ સહિત ૫ ઉમેદવારી ફોર્મ ભરાયા, મોરવા(હ) સ્નેહલતા ખાંટ સહિત બે ઉમેદવારી ભરાયા, હાલોલ બેઠક ભાજપના ઉમેદવાર જયદ્રથસિંહ પરમાર સહિત ત્રણ ઉમેદવારી ફોર્મ ભરાયા, કાલોલ બેઠક માટે છ ઉમેદવારી ફોર્મ ભરાયા. જ્યારે ગોધરા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર સી.કે.રાઉલજી સહિત ત્રણ ઉમેદવારીએ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા.

## ગોધરા મહિલા અને બાળ વિકાસ અધિકારી કચેરીમાં જુનીયર કલાર્ક મહિલા કર્મીને કચેરીના અધિકારીના ડ્રાઈવર દ્વારા અઘટીત માંગણી કરી પરેશાન કરતાં ફરિયાદ

ગોધરા, ગોધરા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરીમાં જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા મહિલા કર્મીને આજ કચેરીના અધિકારીની ગાડીના ડ્રાઈવરે મહિલાનો અવારનવાર પીછો કરી શારીરિક સંબંધ બાંધ નહિ તો મારી નાખીશ તેમ કહી તેમજ ઓફિસના અધિકારી સાથે ગયેલ હતા. ત્યારે મહિલાને હેરાન કરવાનું કહેતા ઝાપટો મારી આરોપીએ ગુન્હો કરતાં ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા મહિલા અને બાળ વિકાસ કચેરીમાં જુનીયર કલાર્ક તરીકે અસ્મિતાબેન સંગાડા નોકરી કરે છે. ત્યારે આ કચેરીના અધિકારીની ગાડી ચલાવતા આરોપી સરફરાજ અબ્દુલ રહિમ પંડયા રહે. આમલી ફળીયું, વ્હોરવાડ, ગોધરા તેના દ્વારા મહિલા કર્મચારીઓ અવારનવાર પીછો કરી તું મારી જીંદગીમાં આવી જા તું મારી સાથે શારીરિક સંબંધ બાંધ નહિ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી અને મહિલા કર્મચારી ઓફિસના અધિકારી રોહનભાઈ ચૌધરી સાથે ભરૂચ મુકામે સર્વિસ બુક લેવા જતા હતા. ત્યારે આરોપી સરફરાજ અબ્દુલ રહિમ પંડયા તું કેમ ઓફિસના અધિકારી સાથે ભરૂચ ગયેલ તેમ કહેતા તું મને કેમ હેરાન કરે છે. તેમ કહેતા આરોપીએ મહિલા કર્મીને બે-ત્રણ ઝાપટો મારી તું મારી સાથે કેમ નથી આવતી મારી સાથે સંબંધ નહિ રાખે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી રોહનભાઈ ચૌધરી વચ્ચે પડતા જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ મહિલા કર્મીના માતા-પિતાએ આરોપીને તેમની દિકરીને હેરાન કરવાનું કહેતા તમારી દિકરીને બગાડો છો તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે ગોધરા એ ડિવીઝન પોલીસ મથકે આરોપી સરફરાજ અબ્દુલ રહિમ પંડયા વિરૂદ્ધ ૩૫૪(ડી), ૩૨૩, ૫૦૬(૨) તથા અનુસૂચિતજનજાતિ સુધારા કલમ ૩(૨)(૫-એ) મુજબ ગુન્હો નોંધાયો.

## હાલોલ તાલુકાના અભેટવા અને વિઠ્ઠલપુરા પ્રા.શાળાના શિક્ષકો નોકરી સાથે ખાનગી સરસ્વતી શાળા સંચાલન કરતાં ઉચ્ચકક્ષાએ રજુઆત

હાલોલ, હાલોલ તાલુકાના અભેટવા પ્રા.શાળાના શિક્ષક અને વિઠ્ઠલપુરા પ્રા.શાળાના સરકારી નોકરી કરતાં શિક્ષકો ખાનગી સરસ્વતી સ્કુલમાં ગેરકાયદેસર રીતે મેનેજમેન્ટ કરવા બાબતે બન્ને શિક્ષકો વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા માટે શાળાના પૂર્વ સંચાલક દ્વારા મુખ્યમંત્રી, શિક્ષણ સચિવને લેખિત રજુઆત કરવામાં આવી.

હાલોલ તાલુકાના અભેટવા પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ગુણવંત પટેલ તથા વિઠ્ઠલપુરા પ્રા.શાળામાં ફરજ બજાવતા વિરેન જોષી જે બન્ને સરકારી શાળામાં ફરજ બજાવતા હોય તેમ છતાં બન્ને શિક્ષકો પોતાની સરકારી સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા નથી અને હાલોલ ખાતે આવેલ ખાનગી સરસ્વતી સ્કુલમાં આ બન્ને શિક્ષકો મેનેજમેન્ટ સંભાળી રહ્યા છે. ગુણવંત પટેલ અને વિરેન જોષી પોતાની પત્ની કલ્પના ગુણવંતભાઈ પટેલ અને નિશા વિરેનભાઈ જોષી નામે ૫૦ ટકામાં એગ્રીમેન્ટ કરી બન્ને શિક્ષકો સરકારના લાખો રૂપીયાનો પગાર લઈ પણ સરકારી શિક્ષક તરીકેની ફરજ બજાવતા નથી. બન્ને શિક્ષકો સવારે-૮ વાગ્યા થી સાંજના -૬ વાગ્યા સુધી સરસ્વતી વિદ્યામંદિર સ્કુલ મેનેજમેન્ટ કામગીરી બિન્દાસપણે કરી રહ્યા છે.

સરસ્વતી સ્કુલમાં બે મહિના અગાઉ વિદ્યાર્થી જાહેરમાં મારમારવાના કિસ્સામાં ગુણવંત પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી હતી અને મીડીયાના માધ્યમોમાં જાહેર થયેલ હોય તેમ છતાં આ બન્ને સરકારી શાળાના શિક્ષકો સામે કાર્યવાહી થઈ નથી. ચર્ચા મુજબ ગુણવંત પટેલ અને વિરેન જોષી બન્ને વિરૂદ્ધ શિક્ષણાધિકારી બી.એમ.પટેલ હપ્તો પહોંચાડતા હોવાથી કોઈ કાર્યવાહી કરાઈ નથી. સરસ્વતી સ્કુલના મેનેજમેન્ટની કામગીરી સંભાળતા સરકારી શિક્ષકોને શિક્ષણ સચિવ વિનોદ રાવનો પણ ડર રહ્યો નથી. વધુમાં ૨૯/૧૦/૨૨ લાભ પાંચમના દિવસે સરસ્વતી વિદ્યામંદિર ટ્રસ્ટીઓ સાથે મળીને બન્ને શિક્ષકોએ સુખ મેનેજમેનટના ધંધાનું મુર્હત કરેલ છે. ત્યારે આ બન્ને સરકારી શાળાના શિક્ષકો સામે ફરજ માટે બેદરકારી અને સરકારી શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ સાથે ચેડાં કરી ખાનગી શાળા માંથી સરકારી પગાર ઉપરાંતની આવક કરવાનો વ્યવહારને રોકવામાં આવે તેવી માંગ સાથે પૂર્વ સંચાલક દ્વારા રાજ્યના મુખ્યમંત્રી, શિક્ષણ સચિવને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે.

**સરકારી પ્રા.શાળાના શિક્ષકો લાખોના પગાર લેવા છતાં બેવડી આવક કરવા સરકારી શાળાના બાળકોનું ભવિષ્ય અંધકારમય બનાવ્યું**

## પાવાગઢ મહાકાળી મંદિર ખાતે માતાજીને અન્નકુટ ધરાવવા મોટી સંખ્યામાં શ્રધ્ધાળું ઉમટી પડયા



પાવાગઢ, પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ મહાકાળી મંદિર ખાતે આજે માતાજીને અન્નકૂટ ધરાવવમાં આવતા મોટી સંખ્યામાં શ્રાધ્ધળુઓએ માતાજીના દર્શન કર્યા હતા. વહેલી સવાર થી જ માતાજીના દર્શને ભક્તોનો પ્રવાહ શરૂ થઈ ગયો હતો. સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢનો યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિકાસ કરવામાં આવ્યા પછી આ આસ્થા શકિત અને ભકિતનું સ્થળ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓનું ફરવા માટેનું ધાર્મિક સ્થળ બની ગયું છે. વર્ષો પછી અત્રે મંદિરના નવીનીકરણ બાદ મંદિરના શિખર ઉપર પીએમ મોદીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવતા અહીં આવતા માઈ ભક્તોમાં નોંધનીય વધારો જોવા મળ્યો છે. ત્યારે આજે શ્રીમહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા મહાકાળી માતાજીને અન્નકૂટ ધરાવવમાં આવ્યો હતો. છપ્પન ભોગનો મનોરથ ધરાવવામાં આવતા આખું મંદિર પરિસર શણગારવામાં આવ્યું હતું. આજે અન્નકૂટના દર્શન હોવાથી ગુજરાત જ નહીં અન્ય રાજયો માંથી પણ માઈભક્તોનો પ્રવાહ વહેલી સવાર થી જ શરૂ થઈ ગયો હતો. સ્થાનિક પોલીસે ટ્રાફિક અડચણ ઉભી ન થાય તે માટે ખાનગી વાહનોને તબક્કાવાર માંચી સુધી જવા દેવામાં આવ્યા હતા.

## હાલોલ આનંદપુરા ગામે માસૂમ બાળકી સાથે દુષ્કર્મ અને હત્યાના ગુન્હામાં કુટુંબી આરોપી ઈસમ ઝડપાયો



હાલોલ, હાલોલ તાલુકાના આનંદપુરા ગામેથી ૫ વર્ષીય બાળકી ગુમ થયાની ફરિયાદના આધારે પોલીસ અને ગ્રામજનોની શોધખોળ દરમિયાન બાળકીનો સીમ માંથી મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ બાળકનું દુષ્કર્મ આચરતા મોત થયેલ હોવાનું જણાઈ આવતાં ગ્રામજનોમાં રોષ સાથે આ કિસ્સામાં પરપ્રાંતિયો સંડોવાયેલ હોય તેના આધારે નજીક લાકડાના પીઠામાં મંજુરી કરતા હોય તે પીઠાને આગ લગાડવામાં આવી હતી. પોલીસે ગુન્હાનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી તપાસ હાથ ધરી ફરિયાદીના ઘર નજીક રહેતા શંકાસ્પદને ઝડપી પુછપરછ કરતાં ગુન્હાના એકરાર કરવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો મુજબ હાલોલ તાલુકાના આનંદપુરા ગામેની ૫ વર્ષીય બાળકી ઘરેથી ખોવાયેલ હોવાની ફરિયાદ હાલોલ રૂબરૂ પોલીસ મથકે નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે અને ગ્રામજનોએ ભેગા મળી તપાસ કરતાં સીમ માંથી બાળકીના મૃતદેહ મળી આવ્યો હતો. પ્રથમ દ્રષ્ટિએ બાળકી સાથે દુષ્કર્મ આચરી હત્યા કરાઈ હોવાનું જણાઈ આવતાં ગ્રામજનોમાં ભારે રોષ ભરાયા હતા અને આ દુષ્કર્મની ઘટનામાં પરપ્રાંતિયની સંડોવાયણી હોવાની શંકા વ્યકિત કરી નજીક આવેલ લાકડાના પીઠાને આગ લગાડી હતી. આગને ફાયર બિગ્રેડ કાબુ મેળવ્યો હતો. પોલીસે બાળકીના દુષ્કર્મ અને હત્યાના ગુન્હાને ગંભીરતાથી લઈ આરોપીને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરી અલગ અલગ દ્વારા ગુન્હાની તપાસ કરી આસપાસમાં તપાસ કરતાં અમુક શંકાસ્પદના નામો મળી આવ્યા હતા. તેમાં ફરિયાદના ઘરની નજીક રહેતા કુટુંબી આરોપી શંકાસ્પદ જણાતા તેની ઉંડાણ પૂર્વક પુછપરછ કરતાં ઈસમે ભાગી પડીને ગુન્હાનો કબુલાત કરતાં આરોપીની ધરપકડ કરવામાં આવી. માસુમ બાળકી સાથે દુષ્કર્મ અને હત્યાના ગુનેગાર સામે ભારે રોષ ફીટકાર લોકોમાં જોવા મળ્યો છે.

## ગોધરા ઉત્તમનગરમાં રહેતા જીવીત મહિલાનું નગર પાલિકા માંથી મરણનો દાખલો મેળવી સેવાલીયા તાલુકામાં આપેલ જમીન માંથી નામ કમી કરાવી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવી

ગોધરા, ગોધરા ઉત્તમનગર સોસાયટીમાં રહેતી મહિલાની સેવાલીયા મુકામે આવેલ સંયુકત માલિકીની જમીન માંથી નામ કમી કરાવવા માટે આરોપીઓએ ગોધરા નગર પાલિકા માંથી મરણનો દાખલો મેળવી તેમજ બિનફરજંદ મરણ ગયેલ હોવાનું સોગંદનામું તથા પેઢીનામું કરી વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના ઉત્તમનગર સોસાયટીમાં રહેતા હિરાબેન તે બાબરભાઈ અંદરભાઈ બારીયાના દિકરી અને ભુરાભાઈ શનાભાઈ બારીયાની વિધવા હોય હાલ જીવીત છે. તેમ છતાં હિરાબેનની સેવાલીયા ગામે આવેલ સંયુકત માલિકીની જમીનમાં આરોપીઓ શંકરભાઈ રામાભાઈ બારીયા, અશોકભાઈ મંગળભાઈ, અર્જુનભાઈ શનાભાઈ, મહેશભાઈ ચંદુભાઈ પરમાર (રહે. પાલી, તા. ગળતેશ્વર, ખેડા)એ નામ કમી કરાવવા માટે આરોપી શંકરભાઈ બારીયાએ ગોધરા નગર પાલિકામાં આધારકાર્ડ, ફોટો તથા મોબાઈલ ફોન નંબર તથા લાકડાની પહોંચ રજુ કરતાં ગોધરા નગર પાલિકા માંથી હિરાબેન બારીયા જીવીત હોવા છતાં મરણનો દાખલો મેળવ્યો હતો અને હિરાબેનના મરણના દાખલાના આધારે હિરાબેન બિનફરજંદ મરણ ગયેલ હોવાનું પેઢીનામું અને સોગંદનામું બનાવી ખોટા દસ્તાવેજો હોવા છતાં સેવાલીયા મામલતદાર કચેરી, સેવાલીયા ખાતે પાલી ગામ ગળતેશ્વર તાલુકાના સર્વે નં.૭૩૬ હેકટર આરે ૧.૫૫-૮૦ ચો.મીટરવાળી જમીન માંથી નામ કમી કરાવી એકબીજાને આરોપીએ મદદ કરી ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા મહેતા હાઈસ્કુલ પાસે બાઈક ચાલકે રાહદારી મહિલાને અડફેટમાં લેતાં ગંભીર ઈજા થતાં મોત

ગોધરા, ગોધરા મહેતા સ્કુલ બહારપુરા પાસે બાઈક ચાલકે શાકભાજી લઈ પરત ફરતાં મહિલા રાહદારીને અડફેટમાં લઈ ઈજાઓ કરતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા જુની મહેતા હાઈસ્કુલ બહારપુરા રોડ ઉપર થી મંગીબેન બચુભાઈ બારીયા ઉ.વ.૫૫ શાકભાજી લઈને પરત આવતા હતા. ત્યારે બાઈક સ્પ્લેન્ડર નંબર જીજે.૦૬.એમકે.૭૧૫૭ના ચાલકે પોતાના વાહન હંકારી લાવી મહિલાને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર અર્થે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## કાલોલના વેજલપુર મહેલોલ ચોકડી પાસેથી કારમાં લઈ જવાતા ૯૦ હજારના ઈંગ્લીશ દારૂ ઝડપ્યા

કાલોલ, કાલોલ તાલુકાના વેજલપુર-મહેલોલ ચોકડી પાસેથી બાતમીના આધારે કારમાં લઈ જવાતો ઈંગ્લીશ દારૂ કિંમત ૯૦,૭૨૦/- રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, કાર નંબર જીજે.૦૧.આરવી.૫૬૪૧માં લીમખેડા તરફ થી નિકળીને ગોધરા થઈ વેજલપુર જનાર છે. તેવી ચોકકસ બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે વેજલપુર-મહેલોલ ચોકડી પાસે વોચ ગોઠવીને બાતમીવાળી ગાડી ઝડપી પાડી ગાડી માંથી ઈંગ્લીશ દારૂ લંડન રીઝર્વ વ્હીસ્કી કવાટરીયા નંગ-૮૧૬ કિંમત ૮૧,૬૦૦/-, સ્ટ્રોંગ બીયર ટીન નંગ-૯૬ કિંમત ૯,૧૨૦/-મળી ૯૦,૭૨૦/-રૂપીયા તેમજ કાર મળી ૩,૯૦,૭૨૦/-રૂપીયાના જથ્થા સાથે સંદિપભાઈ વિનોદભાઈ પરમાર (રહે. પીપળી ત્રીમેળા ફળીયા, લીમખેડા)ને ઝડપી પાડી આ બાબતે વેજલપુર પોલીસ મથકે ગુન્હો નોંધાવામાં આવ્યો.

## કાલોલમાં ટ્રક ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક ડિવાઈડર સાથે અથડાઈ

કાલોલ, કાલોલ શહેરના હાઈવે રોડ પર ટ્રક ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.

કાલોલ શહેરના હાઈવે ઉપર એસ.બી.આઈ.બેંક શાખા પાસે એક ટ્રક ડિવાઈડરની રેલિંગ તોડીને વચ્ચે ઘુસી ગયેલી હાલતમાં જોવા મળી હતી. કાલોલ શહેરમાંથી પસાર થઈ ગોધરા તરફથી આવતા વડોદરા તરફ જતી એક ટ્રક એસ.બી.આઈ.બેંક સામેથી પસાર થતાં સમયે આગળ એક ટ્રેલર રસ્તામા ઉભુ હોવાથી ટ્રકને ઓવરટેક કરવા જતા સમયે ટ્રકના ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રક રોડની વચ્ચે આવેલા ડિવાઈડર તોડીને રેલિંગમાં અથડાઈ હતી. જો કે સદ્નસીબે આ અકસ્માતમાં કોઈને પણ જાનહાનિ થઈ ન હોય આબાદ બચાવ થતાં રાહતનો શ્વાસ લીધો હતો.